RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 284* Date: 10.08.2020 * Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ૮.૫ કરોડ ખેડૂતોના ખાતામાં ટ્રાન્સફર થયા ૧૭ હજાર કરોડ રૂપિયા

# કોરોના કાળ વચ્ચે વડાપ્રધાનની ખેડૂતોને એક લાખ કરોડની ભેટ




*ન્યુ દિલ્હી,તા.૯*

પીએમ નરેન્દ્ર મોદીએ આજે દેશભરના ખેડૂતોને એક લાખ કરોડ રૂપિયાની ભેટ આપી છે. એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ હેઠળ ખેડૂતોને પાકની વધુ સારી કિમત મળે તે માટે ફાઈનાન્સિંગની સુવિધા મળશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ અંતર્ગત નાણાંકીય સુવિધાઓની જાહેરાત કરી હતી. વડાપ્રધાન મોદીએ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી પીએમ-કિસાન યોજનાની વિવિધ સુવિધાઓની જાહેરાત કરી હતી. આ સાથે જ વડાપ્રધાને વર્ચ્યુઅલ કાર્યક્રમમાં એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ અંતર્ગત ૮.૫ કરોડ કરતા વધારે ખેડૂતો માટે ૧૭,૦૦૦ કરોડ રૂપિયાની રાશિ ફાળવી છે.

વડાપ્રધાને કહ્યું કે, આજે હળષષ્ટી છે, ભગવાન બલરામની જયંતી છે. તમામ દેશવાસીઓને, ખાસ કરીને ખેડૂત સાથીઓને હલછઠની, દાઉ જન્મોત્સવની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. હલષષ્ટી અને ભગવાન બલરામની જયંતિના અત્યંત પાવન અવસર પર દેશમાં ખેતી સાથે સંકળાયેલી સુવિધાઓ તૈયાર કરવા એક લાખ કરોડ રૂપિયાનું વિશેષ ફંડ લોન્ચ કરવામાં આવ્યું છે. વડાપ્રધાને જણાવ્યું કે, ૮.૫ કરોડ ખેડૂત પરિવારોના ખાતામાં પીએમ કિસાન સન્માન નિધિ તરીકે ૧૭,૦૦૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરતા મને ખૂબ જ સંતોષ અનુભવાઈ રહ્યો છે. સંતોષ એ વાતનો છે કે આ યોજનાનું જે લક્ષ્ય હતું તે હાંસલ થઈ રહ્યું છે. છેલ્લા દોઢ વર્ષમાં આ યોજનાના માધ્યમથી ૭૫,૦૦૦ કરોડ રૂપિયા સીધા ખેડૂતોના બેંક ખાતામાં જમા થઈ ગયા છે. તેમાંથી ૨૨,૦૦૦ કરોડ રૂપિયા તો કોરોનાના કારણે લોકડાઉન લાગુ કરવામાં આવ્યું તે દરમિયાન જ ખેડૂતો સુધી પહોંચી ગયા છે.

યોજનાના શુભારંભ પર વડાપ્રધાને જણાવ્યું કે, આ યોજનાથી ગામડાઓમાં ખેડૂતોના જૂથોને, કિસાન સમિતિઓને, FPOsને વેરહાઉસ બનાવવા, કોલ્ડ સ્ટોરેજ બનાવવા, ફુડ પ્રોસેસિંગ સાથે જોડાયેલા ઉદ્યોગો લગાવવા ૧ લાખ કરોડ રૂપિયાની મદદ મળશે. પહેલા ી-દ્ઘછર્સ દ્વારા એક ટેક્નોલોજી આધારીત મોટી વ્યવસ્થા બનાવવામાં આવી. હવે કાયદો બનાવીને ખેડૂતોને બજારના ક્ષેત્રમાંથી અને બજાર ટેક્સના ક્ષેત્રમાંથી મુક્ત કરી દેવામાં આવ્યા.

વડાપ્રધાને જણાવ્યું કે હવે ખેડૂતો પાસે અનેક વિકલ્પ છે. જો તેઓ પોતાના ખેતરમાંથી જ ઉપજનો સોદો કરવા માંગે તો પણ કરી શકશે. અથવા તો સીધું વેરહાઉસથી e-NAM સાથે સંકળાયેલા વેપારીઓ અને સંસ્થાઓ, જે વધુ ભાવ આપે તેમની સાથે પાકનો સોદો કરી શકશે. આ કાયદાનો ઉપયોગ કરતા દુરૂપયોગ વધુ થયો છે. તેનાથી દેશના વેપારીઓ, રોકાણકારોને ડરાવવાનું કામ વધું થયું છે. હવે આ ભયના તંત્રમાંથી પણ ખેતી સાથે સંકળાયેલા વેપારને મુક્ત કરી દેવામાં આવ્યો છે.

વડાપ્રધાને જણાવ્યું કે હવે આપણે એ સ્થિતિ તરફ આગળ વધી રહ્યા છીએ જ્યાં ગામના કૃષિ ઉદ્યોગોમાંથી ફુડ આધારીત ઉત્પાદનો શહેર જશે અને શહેરોમાંથી બીજો ઔદ્યોગિક સામાન બનીને ગામમાં આવશે. આ જ તો આત્મનિર્ભર ભારત અભિયાનનો સંકલ્પ છે જેના માટે આપણે કામ કરવાનું છે. બે દિવસ પહેલા જ દેશના નાના ખેડૂતો સાથે સંકળાયેલી એક બહુ મોટી યોજનાની શરૂઆત કરવામાં આવી છે જેનો આગામી સમયમાં આખા દેશને ભારે મોટો લાભ મળશે. દેશની પ્રથમ 'કિસાન રેલ' મહારાષ્ટ્ર અને બિહાર વચ્ચે શરૂ થઈ ગઈ છે.

### ભારતને આત્મનિર્ભર બનાવવા માટે મોદી સરકારનું સૌથી મોટું પગલું

# ૧૦૧ સરક્ષણ ઉપકરણોની આયાત પર રોકઃ રાજનાથસિંહની મોટી જાહેરાત

**આગામી ૬-૭ વર્ષમાં ૪ લાખ કરોડ રૂપિયાની કિંમતના કોન્ટ્રાક્ટ સ્વેદેશી કંપનીઓને આ ઉપરકરણોના ભારતમાં ઉત્પાદન થવાના કારણે મળે તેવું આયોજન**

*ન્યુ દિલ્હી,તા.૯*

રક્ષા મંત્રાલયે 'આત્મનિર્ભર ભારત' અભિયાનને મોટું બુસ્ટ આપવાની તૈયારી કરી લીધી છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે રવિવાર સવારે કહ્યું કે મંત્રાલયે ૧૦૧ વસ્તુની યાદી તૈયારી કરી છે જેમની આયાત પર પ્રતિબંધ મૂકશે. આ યાદીમાં સામાન્ય પાર્ટસ સિવાય કેટલીક હાઈટેકનોલોજી વેપન સિસ્ટમ પણ સામેલ છે. એક નેગેટિવ આર્મ્સ લિસ્ટ તૈયાર કરાયું છે તેના અંતર્ગત કેટલીક વેપન સિસ્ટમ્સ અને પ્લેટફોર્મ્સની આયાત પર પ્રતિબંધ મૂકાશે જેથી કરીને સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન મળી શકે. આ યાદી સેનાની જરૂરિયાતના હિસાબથી સમય-સમય પર અપડેટ કરાતી રહેશે. સિંહના મતે આ રક્ષા ક્ષેત્રમાં ભારતની આત્મનિર્ભરતાની દિશામાં એક મોટું પગલું છે. તેમણે કહ્યું કે આ નિર્ણય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આહ્વાન બાદ લેવાયો છે. આ નિર્ણયથી ભારતની ડિફેન્સ ઈન્ડસ્ટ્રીઝને મોટાપાયા પર ઉત્પાદનની તક મળશે. રક્ષાક્ષેત્રમાં સ્થાનિક ઉત્પાદનને વધારવા માટે મંત્રાલયે જે યાદી બનાવી છે તેમાં સેના, પબ્લિક, અને ખાનગી ઈન્ડસ્ટ્રીઝ સાથે ચર્ચા બાદ તૈયાર કરાઈ છે. સિંહે કહ્યું કે આ ૧૦૧ વસ્તુઓમાં માત્ર સરળત વસ્તુ જ સામેલ નથી પરંતુ કેટલીક ઉચ્ચ તકનીકવાળી હથિયાર સિસ્ટમ પણ છે જેમકે આર્ટિલરી ગન, અસોલ્ટ રાફઈલો, ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ, એલસીએચએસ, રડાર અને બીજી કેટલીય વસ્તુઓ છે જે આપણી રક્ષા સેવાઓની જરૂરિયાતો પૂરી કરવા માટે છે. રાજનાથ સિંહના મતે આવી પ્રોડક્ટના અંદાજે ૨૬૦ યોજનાઓ માટે ત્રણ સેનાઓએ એપ્રિલ ૨૦૧૫ થી ઑગસ્ટ ૨૦૨૦ની વચ્ચે લગભગ સાડા ત્રણ લાખ કરોડ રૂપિયાના કોન્ટ્રાક્ટસ આપ્યા હતા. તેમનો અંદાજો છે કે આવતા ૬ થી ૭ વર્ષમાં સ્થાનિક ઈન્ડસ્ટ્રીઝને અંદાજે ૪ લાખ કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ મળશે.

રક્ષામંત્રીએ કહ્યું કે તમામ સ્ટેકહોલ્ડર્સ સાથે વાતચીત બાદ વધુ પ્રોડક્ટસની આયાત પર પ્રતિબંધ મૂકાશે. હાલ જે નિર્ણય લેવાયો છે કે ૨૦૨૦ થી ૨૦૨૪ની વચ્ચે લાગૂ કરાશે. ૧૦૧ પ્રોડક્ટસની યાદીમાં આર્મર્ડ ફાઈટિંગ વ્હિકલ્સ પણ સામેલ છે. મંત્રાલયે ૨૦૨૦-૨૧ માટે ફાઈનાન્સ ખરીદી બજેટને સ્થાનિક અને વિદેશ રૂટમાં વહેંચી દીધું છે.



ચાલુ નાણાંકીય વર્ષમાં જ અંદાજે ૫૨૦૦૦ કરોડ રૂપિયાનું અલગ બજેટ તૈયાર કર્યું છે.

પૂર્વ લદ્દાખમાં લાઈન ઓફ એક્ચુઅલ કંટ્રોલ પર તણાવ યથાવત છે. કેટલાંક ફ્રિકશન પોઈન્ટથી ચીની સેના પાછળ હટી છે પરંતુ દેપસાંગ અને પેંગોંગ ત્સોમાં ટસથી મસ થવા તૈયાર નથી. બંને દેશોની વચ્ચે કોર કમાન્ડર સ્તર પર કેટલાંય દોરની વાતચીત પરિણામ વગરની રહ્યા બાદ શનિવારના રોજ મેજર-જનરલ સ્તરની વાતચીત શરૂ થઇ છે. ભારતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે દેપસાંગથી ચીનને પોતાના સૈનિક પાછા બોલાવવા પડશે.

કેન્દ્ર સરકારની તરફથી બોર્ડર પર સેનાને 'ફ્રી-હેન્ડ' મળ્યા છે. રક્ષા મંત્રી પણ કહી ચૂકયા છે કે સેના કોઈપણ સ્થિતિ માટે તૈયાર રહે. હાલ સરહદ પર ભારત અને ચીન બંનેના હજારો સૈનિકો ભારે ભરખમ દારૂગોળા સાથે તૈનાત છે. તણાવ ઓછો કરવા માટે બંને દેશોની વચ્ચે મિલિટ્રી અને ડિપ્લોમેટિક, બંને ચેનલ્સ દ્વારા વાતચીત થઇ રહી છે.

### કુલ કેસો ૨૧.૫૫ લાખ પર પહોંચ્યા

# કોરોના મહાસંકટઃ ૨૪ કલાકમાં અધધ ૬૫ હજાર નવા કેસો ઉમેરાયા, ૮૭૫ના મોત

*ન્યુ દિલ્હી,તા.૯*

સમગ્ર દેશમાં શનિવારે અનલોક-૩ના ૮મા દિવસે એક જ દિવસમાં સૌથી હાઈએસ્ટ ૬૫ હજાર કરતાં વધારે કેસો સામે આવ્યાં હતા અને વધુ ૮૭૫ના મોત થયા હતા. આરોગ્યમંત્રાલય દ્વારા આજે રવિવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના કેસોના આંકડા જાહેર કરાયા ત્યારે એક દિવસમાં ૬૫,૧૫૬ કેસો નોંધાયા હતા. તે સાથે કુલ કેસોની સંખ્યાં ૨૧,૫૨,૦૨૦ પર પહોંચી ગઇ હતી. આ જ સમયગાળામાં વધુ ૮૭૫ના મોત સાથે કુલ મૃત્યુઆંક વધીને ૪૩,૪૫૩ પર પહોંચી ગયો છે. આ જ સમયગાળામાં ૫૨ હજાર કરતાં વધારે લોકો સાજા પણ થયા હતા અને કુલ સાજા થયેલી સંખ્યાં ૧૪,૭૯,૮૦૪ પર પહોંચી છે.અનલોક-૩મા જીમ-યોગા વગેરેને ખોલવાની મંજૂરી આપવામાં આવી છે. જો કે સ્કૂલ વગેરે. હજુ ૩૧ ઓગસ્ટ સુધી બંધ છે. મહારાષ્ટ્રમાં એક જ દિવસમાં રેકોર્ડ ૧૨ હજાર ૮૨૨ કેસ નોંધાયા, તો ૧ હજાર ૮૦ નવા કેસ સાથે આંધ્રપ્રદેશ બીજા નંબરે છે. કેન્દ્રીય કૃષિ રાજયમંત્રી કૈલાશ ચૌધરી અને કેન્દ્રીય મંત્રી અર્જુન મેઘવાલનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બન્નેએ ટ્વિટ કરીને આ સમાચાર આપ્યા છે.

દેશમાં ૨૪ કલાકમાં રેકોર્ડ ૬૫ હજાર ૧૫૬ દર્દી નોંધાયા અને ૫૨ હજાર ૧૩૫ દર્દી સાજા થયા છે. ગુજરાત કેરળ ત્રિપુરા, હિમાચલપ્રદેશ, નાગાલેન્ડ, અરુણાચલ પ્રદેશ અને સિક્કિમમાં છેલ્લા ૨૪ કલાકમાં જેટલા નવા કેસ આવ્યા, એનાથી વધુ દર્દી સાજા થયા છે.

આ સતત ત્રીજો દિવસ છે જ્યારે ૬૦ હજારથી વધુ નવા કેસ નોંધાયા છે અને ૫૦ હજારથી વધુ દર્દી સાજા થયા છે. દેશમાં અત્યાર સુધી કોરોના સંક્રમણના ૨૧.૫૫ લાખ કેસ આવી ચુક્યા છે. સારી બાબત તો એ છે કે આમાથી ૧૪.૭૯ લાખથી વધુ લોકો સાજા થયા છે. ૬.૨૮ લાખ દર્દીઓની સારવાર ચાલી રહી છે, જ્યારે ૪૩ હજાર ૪૫૩ લોકો આ બિમારીથી જીવ ગુમાવી ચુક્યા છે.

મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૧૨ હજાર ૮૨૨ સંક્રમિત નોંધાયા છે. આ એક દિવસમાં પહેલી વખત આટલા કેસ નોંધાયા છે. આ સાથે જ રાજ્યમાં કુલ કેસનો આંકડો પણ ૫ લાખને પાર કરી ગયો છે. ૧૦ હજાર ૮૦ નવા કેસ સાથે આંધ્રપ્રદેશ બીજા નંબરે રહ્યું છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, દેશમાં રિકવર થયેલા દર્દીઓની કુલ સંખ્યા ૧૪.૭૯ લાખથી વધુ થઈ ગઈ છે. રિકવરી રેટમાં સતત સુધારો જોવા મળી રહ્યો છે. રિકવરી રેટ વધીને ૬૮.૩૨% થઈ ગયો છે જ્યારે મૃત્યુદર ૨.૦૪% છે. દેશમાં અત્યાર સુધી ૨ કરોડ ૩૩ લાખ ૮૭ હજાર ૧૭૧ સેમ્પલની તપાસ થઈ ચુકી છે.

કેન્દ્રીય કૃષિ રાજયમંત્રી કૈલાશ ચૌધરી અને કેન્દ્રીય મંત્રી અર્જુન મેઘવાલનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બન્નેએ ટ્વિટ કરીને આ સમાચાર આપ્યા છે.

# અમેરિકા બાદ બ્રાઝિલમાં કોરોનાનો આતંકઃ મૃત્યુઆંક ૧ લાખને પાર

બ્રાઝિલ,તા.૯

કોરોના વાઈરસના કારણે બ્રાઝિલમા મૃત્યુનો આંક ૧ લાખને પાર થઇ ગયો છે. કોરોનાથી થયેલા મોતના આંકડાના કારણે અમેરિકા બાદ બ્રાઝિલ બીજા નંબર પર છે. બ્રાઝિલમા હજુ સુધી ૧ લાખ ૪૭૭ લોકોના મૃત્યુ થઇ ગયા છે. જયારે, સમગ્ર દુનિયામા મૃત્યુ પામનારનો આંકડો ૭ લાખ ૨૨,૦૦૦ સુધી પહોંચી ગયો છે.

૨૧ કરોડની વસ્તીવાળા દેશમા મે મહિના બાદ આ મહામારીના કારણે દરરોજ ૧૦૦૦થી વધુ લોકોના મૃત્યુ થયા છે અને શુક્રવાર રાત સુધીમા કુલ ૯૯,૫૭૨ લોકો મૃત્યુ પામ્યા. સ્વાસ્થ્ય મંત્રાલયએ જણાવ્યુ છે કે, કોરોના વાયરસના કુલ ૨,૯૬૨,૪૪૪ કેસો આવ્યા છે.

સંક્રમણ અને મોતના કેસોમા અમેરિકા બાદ બ્રાઝિલ બીજા નંબરે છે. વિશેષજ્ઞોનુ માનવુ છે કે, બીજા કેટલાક દેશોની જેમ અહીં પૂરતી તપાસના અભાવે કેસોની વાસ્તવિક સંખ્યા અને મોતના સાચા આંકડા સામે આવતા નથી.

ખુદ કોરોના વાઈરસ પોઝીટીવ થયેલા રાષ્ટ્રપતિએ જેર બોલસોનારો આ બીમારીની અસર વિશે સતત શંકામા રહ્યા છે અને અર્થવ્યવસ્થા પર સતત પ્રતિબંધો હટાવી રહ્યા છે. તેઓ સતત ભીડમા જોવા મળ્યા છે અને કેટલીક વાર તો માસ્ક વગર જોવા મળ્યા છે. દેશમા કોરોનાથી થયેલા મૃત્યુનુ મને દુઃખ છે, આંકડો ૧,૦૦,૦૦૦ની સંખ્યા સુધી પહોંચી ગઇ છે, પરંતુ અમે આનુ સમાધાન શોધી લઇશુ.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ ૧૦૭૮**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૭૧૦૬૪**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૨૫**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૧૩૧૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૫૪૨૩૮**

### ગુજરાત બાદ આંધ્રપ્રદેશમાં પણ બેદરકારીની આગ

# વિજયવાડામાં કોવિડ કેર સેન્ટરમાં આગઃ ૯ લોકો જીવતા ભડથું

વિજયવાડા,તા.૯

આંધ્ર પ્રદેશના વિજયવાડા ખાતે આવેલી એક હોટેલમાં આગ લાગી ગઈ હતી. આ હોટેલનો ઉપયોગ કોવિડ કેર સેન્ટર તરીકે કરવામાં આવી રહ્યો હતો. આગ લાગ્યા બાદ હોટેલમાં ફસાયેલા લોકોને સુરક્ષિત બહાર કાઢી લેવામાં આવ્યા હતા અને ફાયર ટેન્ડરે ઘટના સ્થળે પહોંચીને આગ પર કાબુ મેળવી લીધો હતો. આગ લાગવાની આ દુર્ઘટના હોટેલ સુવર્ણ પેલેસ ખાતે બની હતી અને તે સમયે હોટેલમાં ૪૦ લોકો ઉપસ્થિત હતા. તે પૈકીના ૩૦ કોરોનાના દર્દીઓ હતા જયારે ૧૦ લોકો હોટેલ સ્ટાફના હતા. વિજયવાડા પોલીસે આ દુર્ઘટનામાં ૯ લોકોના મોત થયા હોવાની તથા ૩૦ લોકોને બચાવી લેવામાં આવ્યા હોવાની માહિતી આપી છે. ભારે મહેનત બાદ આગને કાબુમાં લેવામાં આવી હતી અને ઘાયલોને સારવાર માટે નજીકની સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રી જગનમોહન રેડ્ડીએ પોતે જ સમગ્ર દુર્ઘટના પર ધ્યાન આપ્યું હતું અને ઘાયલોને વધુ સારી સારવાર મળી રહે તે માટે સત્તાધીશોને નિર્દેશ આપ્યો હતો. હાલ આગને કાબુમાં લીધા બાદ સંપૂર્ણ બિલ્ડિંગને ખાલી કરી દેવામાં આવી છે અને મોટી સંખ્યામાં પોલીસ દળ ઘટના સ્થળે તૈનાત છે. આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રીએ આ સમગ્ર દુર્ઘટના મામલે દુખ વ્યક્ત કર્યું હતું અને ઘટનાની તપાસ માટે આદેશ આપ્યા હતા. આ ઘટનાને લઈન દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ તમામ મદદ માટે તૈયારી દર્શાવી છે અને તેમણે આ ઘટનાને લઈને દુઃખ વ્યક્ત કર્યું છે. મુખ્યમંત્રી કાર્યાલયના અધિકારીઓએ જણાવ્યું કે, એક ખાનગી હોસ્પિટલે તે હોટેલને ભાડેથી લીધી હતી અને પ્રાથમિક તપાસમાં ત્યાં કોરોનાના દર્દીઓને સારવાર માટે રાખવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે.

## તંત્રી સ્થાનેથી...

# કાશ્મીરમાં નેતાઓ વગરની રાજનીતિ અને લોકતંત્ર

પાછલા વર્ષે ૫ ઑગસ્ટે જમ્મુ-કાશ્મીરના વિશેષાધિકાર સમાપ્ત કર્યા પછીથી રાજકીય ગતિવિધિઓ બંધ છે.માર્ચ ૨૦૧૫માં જમ્મુ-કાશ્મીરમાં જ્યારે વિરોધી વિચારધારાવાળી ભાજપ અને પીડીપીએ મળીને સરકાર બનાવી તો એને લોકતંત્રમાં એક નવા પ્રયોગ તરીકે જોવાઈ.જૂન ૨૦૧૮માં આ ગઠબંધન તૂટ્યું અને રાજ્ય ફરી એક વાર રાજ્યપાલના શાસનમાં જતું રહ્યું. ડિસેમ્બર ૨૦૧૮માં અહીં રાષ્ટ્રપતિશાસન લાગુ પાડી દેવાયું હતું.એક તરફ જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી કરાવવા અને નવી સરકારની રચનાની માગ ઊઠી રહી હતી અને બીજી તરફ દિલ્હીમાં કોઈ અલગ જ પટકથા લખવામાં આવી રહી હતી.પછી અચાનક ૫ ઑગસ્ટ, ૨૦૧૯ના દિવસે કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીરના બંધારણીય વિશેષાધિકારને સમાપ્ત કરી એને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વહેંચી દીધું.રાજનીતિમાં સક્રિય નેતાઓની ધરપકડ કરી તેમને નજર બંધ કરી સખત લૉકડાઉન લાગુ કરી દેવાયું.પાંચ ઑગસ્ટ પછી જમ્મુ-કાશ્મીર રાજ્ય ન રહ્યું પણ બે કેન્દ્રશાસિત પ્રદેશ બની ગયા. જેનું શાસન દિલ્હીથી નિયુક્ત પ્રતિનિધિ ચલાવી રહ્યા છે. વિધાનસભાનું અસ્તિત્વ નથી એટલા માટે રાજનીતિનું કોઈ કેન્દ્ર જ બચ્યું નથી.એક વર્ષ પછી એ સવાલ ઊઠી રહ્યો છે કે કાશ્મીરમાં લોકતંત્ર બચ્યું પણ છે કે નહીં? લોકતંત્રનો અર્થ હોય છે જનતાનું શાસન એટલે કે જનતા પોતાના વિશે નિર્ણય લે છે, જનપ્રતિનિધિને ચૂંટે છે, જેઓ કાયદા બનાવે છે અને સરકાર ચલાવે છે.કાશ્મીરનાં વરિષ્ઠ પત્રકાર માને છે કે કાશ્મીરમાં લોકતંત્ર હવે અંતિમ શ્વાસ લઈ રહ્યું છે અને રાજકીય પ્રક્રિયા સંપૂર્ણ રીતે અટકી ગઈ છે.પાછલા એક વર્ષમાં કાશ્મીરમાં બિલકુલ સન્નાટો રહ્યો.એ પછી કેટલાક લોકોએ ધીમે-ધીમે બોલવાનું શરૂ કર્યું છે, પરંતુ મુખ્ય ધારાના રાજકારણમાંથી હિન્દુસ્તાનના લોકતંત્રમાં વિશ્વાસ રાખવાવાળા રાજકીય લોકો અત્યાર સુધી અટકાયતમાં છે અથવા તેમને નજરબંધ રાખવામાં આવ્યા છે.તેઓ કહે છે, કેટલાકને બોલવાની મંજૂરી છે, કેટલાકને બોલવાની મંજૂરી નથી. જેમને બોલવાની મંજૂરી છે તે પણ મર્યાદિત છે. જે મુખ્ય મુદ્દો છે કાશ્મીરમાંથી અનુચ્છેદ ૩૭૦ હઠાવવાનો, એના ઉપર કોઈ વાત થઈ નથી રહી.જ્યાં સુધી રાજકીય અભિવ્યક્તિ પર રોક રહેશે એનો વિસ્તાર સીમિત રહેશે. કેટલાક લોકોને અમુક જ મુદ્દાઓ પર બોલવાની છૂટ રહેશે, તો લોકતંત્ર કેવી રીતે જીવિત રહેશે? જો આવી જ સ્થિતિ રહે છે, તો ક્યાંયથી રાજનૈતિક પ્રક્રિયાના શરૂ થવાની આશા નજર નથી આવતી.

શ્રીનગરમાં સંવાદદાતાનું પણ એ જ કહેવું છે કે કાશ્મીરના સૌથી મોટા મુદ્દા પર જ વાત થઈ નથી શકતી તો પછી રાજનીતિ અથવા લોકતંત્રના શું અર્થો છે?કાશ્મીરમાં રાજનીતિનો જે સૌથી મોટો મુદ્દો રહ્યો છે, જમ્મુ-કાશ્મીરના બંધારણીય વિશેષાધિકારનો તેની હવે કોઈ વાત કરી જ નથી શકતું.૫ ઑગસ્ટ, ૨૦૧૯ના દિવસે એવું થયું, જેમ કે એક ઈમારતને સંપૂર્ણ રીતે પાડી નાખી હોય. સ્વાયત્તતા અથવા એક રીતે ભારતીય સંઘ હેઠળ જમ્મુ-કાશ્મીરનો વિશેષ દરરજો યથાવત્ રાખવો તે જ કાશ્મીરની રાજનીતિનો સૌથી મોટો મુદ્દો રહ્યો છે.કાશ્મીરના મોટા નેતા આ મુદ્દા પર જ રાજનીતિ કરતા રહ્યા છે અને જ્યારે વિશેષ અધિકાર સમાપ્ત થઈ ગયો તો તમામ મોટા નેતાઓને સંપૂર્ણ રીતે ચૂપ કરી દેવાયા હતા.તેઓ કહે છે કે એમને ક્યાં તો નજરબંધ કરી દેવાયા અથવા અટકાયતમાં લઈ લેવાયા હતા. કેટલાકને જેલમાં પણ રાખવામાં આવ્યા હતા.તેઓ કહે છે, કાશ્મીરનો વિશેષાધિકાર સમાપ્ત કરી દેવાયો અને અહીંયાંના નેતા એનો વિરોધ પણ ન કરી શક્યા. એમની પાસેથી બૉન્ડ ભરાવી લેવાયા. કહેવાયું કે આ મુદ્દા ઉપર વાત ન કરે.આવી પરિસ્થિતિમાં કોણ રાજનીતિ કરશે અને રાજનીતિ કેવી રીતે થશે? લોકતંત્ર કેવી રીતે અહીં બચેલું રહેશે?ભારત સરકાર એમ તર્ક આપે છે કે અનુચ્છેદ ૩૭૦ હઠ્યા પછી કાશ્મીરમાં સ્થિતિ સામાન્ય થઈ રહી છે અને ચરમપંથ સમાપ્ત થઈ રહ્યો છે.એમણે તર્ક આપ્યો કે કાશ્મીરમાં ચરમપંથનું કારણ અનુચ્છેદ ૩૭૦ છે. જ્યારથી આ કલમ હઠી, ચરમપંથ ખતમ નથી થયો, બલ્કે વધી ગયો છે. ડેટા કોઈ પણ ખૂણેથી જુઓ, ચરમપંથ વધેલો જ નજરે આવશે.ફક્ત ચરમપંથીઓને મારવાથી જ ચરમપંથ ખતમ નહીં થાય.તેમના પ્રમાણે સરકાર એમ કહે છે કે ૧૫૦થી વધુ ચરમપંથી મારી દેવાયા છે. તો એનો અર્થ એ છે કે ચરમપંથ ઘટી રહ્યો છે. પરંતુ એટલા જ ઝડપથી ચરમપંથી વધી પણ રહ્યા છે. ઘણા યુવાનો ગુમ થયા છે. કેટલાક ઍન્કાઉન્ટરમાં માર્યા પણ ગયા છે.દેશના ગૃહમંત્રી અમિત શાહ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી અનેક વાર કહી ચૂક્યા છે કે જમ્મુ-કાશ્મીરમાં ગ્રાસરૂટ ડૅમોક્રૅસીને ઉત્તેજન આપવામાં આવશે, જેના માટે પંચાયતથી લઈને ઉપર સુધી રાજનૈતિક નેતાઓની નવી હરોળ તૈયાર કરવામાં આવશે.પાછલા બે મહિનામાં પંચાયતના બે સભ્યો માર્યા ગયા છે. એક તરફ સરકાર પંચાયત સ્તર પર રાજનીતિને મજબૂત કરવાની વાત કરી રહી છે અને બીજી તરફ અહીંયાં સુરક્ષા જ નથી.જમ્મુ-કાશ્મીરમાં હાલના દિવસોમાં રાજનૈતિક હલચલ સંપૂર્ણ રીતે બંધ છે, અને જે નેતા સક્રિયતા બતાવી પણ રહ્યા છે તેઓ નિવેદન આપવા સુધી જ સીમિત છે.કાશ્મીરમાં એક નવી પાર્ટી અસ્તિત્વમાં આવી છે, આ પાર્ટીનું નામ 'અપના પાર્ટી' છે. આ પાર્ટી સાથે જોડાયેલા અનેક લોકો અગાઉ પીડીપીના કાર્યકર્તા કે મંત્રી પણ રહ્યા છે.પીડીપીથી અલગ થઈને આ લોકોએ પોતાની એક અલગ પાર્ટી બનાવી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૨૨૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૧૦-૮-૨૦૨૦, સોમવાર, શ્રાવણ વદ-૭
સૂર્યોદય-૬-૨૩, સૂર્યાસ્ત-૭-૨૧, જૈન નવકારશી-૭-૧૧,
આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્રઃ ઉત્તરષાઢા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

૬-૨૧થી અમૃત-૭-૫૯, ૯-૩૭થી શુભ-૧૧-૧૫ સુધી, ૧૪-૩૧થી ચલ-લાભ-અમૃત-ચલ-૨૦-૪૭ સુધી, ૨૩-૩૧ થી લાભ-૨૪-૫૩ સુધી

**- શુભ હોરા-**

૬-૨૧થી ૭-૨૬ સુધી, ૮-૩૨થી ૯-૩૭ સુધી, ૧૧-૪૮થી ૧૫-૦૪ સુધી, ૧૬-૦૯થી ૧૭-૧૪ સુધી

### મોડાસા-વાત્રક બંને કોવીડ હોસ્પિટલમાં ફાયરસેફટીનો અભાવ

# મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લાની હોસ્પિટલમાં શ્રેય હોસ્પિટલ વાળી થાય તો નવાઈ નહિ..




મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અમદાવાદમાં નવરંગપુરા વિસ્તારમાં આવેલી શ્રેય હોસ્પિટલમાં ગુરુવારે વહેલી સવારે થયેલા અગ્નિકાંડમાં ૮ લોકો પોતાના બેડ પર જીવતા ભડથું થઈ ગયા હતા. ત્યારબાદ ભારે હોબાળો બાદ ફાયર વિભાગના અધિકારીઓ અને સરકારી તંત્રની ઊંઘ ઉડી હોય તેમ સમગ્ર રાજ્યની તમામ ખાનગી અને સહકારી હોસ્પિટલોમાં ફાયર એનઓસી મુદ્દે તપાસના આદેશ આપવામાં આવ્યા હતા.આરોગ્ય નગરી તરીકે જાણીતા મોડાસા શહેરની અને જીલ્લાની ખાનગી,મલ્ટી સ્પેશિયાલિટી અને ટ્રસ્ટની હોસ્પિટલોમાં ફાયર એનઓસી નથી, તેમ છતાં તંત્રની રહેમનજરે ધમધમાટ ચાલી રહી છે મોડાસાની કોવીડ-૧૯ હોસ્પિટલમાં પણ ફયાર સેફટી માટે અગ્નિશામક ફાયર સિલિન્ડરના બોટલ મૂકી રાખવામાં આવી છે સરકારી ગાઈડલાઈન પ્રમાણેની ફાયરસેફટી નો કોવીડ-૧૯ હોસ્પિટલમાં અભાવ હોવાનું સૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ હતી

અરવલ્લી જિલ્લામાં આરોગ્ય ખાતામાં ચાલતી લાલીયાવાડી ઉજાગર થઈ છે. જિલ્લાના મુખ્ય મથક મોડાસામાં આવેલી એક પણ ખાનગી કે ટ્રસ્ટની હોસ્પિટલ ફાયર સેફટીનું એન.ઓ.સી.ધરાવતી નથી.મોટાભાગની હોસ્પિટલો નિર્માણ એવી રીતે કરવામાં આવ્યું છે કે તેમને કયારે ફાયર એન.ઓ.સી.મળી શકે તેમ નથી. મોડાસા શહેરમાં આવેલી નાની-મોટી ૭૦ થી વધુ હોસ્પિટલોમાં ફાયર એન.ઓ.સી.ધરાવતી ન હોઈ આરોગ્ય તંત્રની બેદરકારી સામે સવાલો ઉભા થયા હતા. એક વર્ષ પહેલા સુરત તક્ષશિલા એપાર્ટમેન્ટમાં આગ લાગવાની ઘટના બાદ સરકાર સફાળી જાગી અને ટ્યુશન કલાસીસ, હોસ્પિટલો, હોટલ, ફેકટરીઓ, એપાર્ટમેન્ટો સહિતના એકમોને સેફટી સિસ્ટમ લગાડીને તે અંગેનું એન.ઓ.સી.સર્ટિફિકેટ મેળવવું ફરજીયાત બનાવી દીધું હતું.શરૂઆતમાં નગરપાલિકાએ દોડધામ કરી હતી. પરંતુ પછી થી જૈસે થે ની સ્થિતિ સર્જાઈ છે.અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં ધમધમતી મોટાભાગની હોસ્પિટલો પાસે ફાયર સેફટીનું એન.ઓ.સી. સર્ટિફિકેટ નથી.શહેરની કેટલીક હોસ્પિટલોમાં ઈમરજન્સી એક્ઝિટ ની વ્યવસ્થા નથી.એન્ટ્રી અને એક્ઝિટ એકજ ઠેકાણે થી થઈ શકે છે.હોસ્પિટલોના દરેક માળ નિયમ મુજબ ની પહોળાઈ કે પેસેજ નથી.એર સરકયુલેશનની પુરતી વ્યવસ્થા નથી.મોટા ભાગની હોસ્પિટલમાં ફાયર સેફટીના નિયમ મુજબની સિસ્ટમ નથી.તો કયાંક ફાયર સેફટી માત્ર શોભાના ગાંઠીયા સમાન છે. જયારે અરવલ્લી જિલ્લો આરોગ્યની દષ્ટિએ અવ્વલ છે જેને કારણે અહી રાજસ્થાનથી દર્દીઓ સારવાર કરાવવા માટે આવતાં હોય છે.પણ તેઓ હાલ જીવના જોખમે અહી સારવાર લઈ રહયા હોય તેવું લાગી રહયું છે. મોડાસા શહેરમાં ધમધમતી ૭૦ થી વધુ ખાનગી અને ટ્રસ્ટની હોસ્પિટલોમાં ફાયર સેફટીની એન.ઓ.સી. ન હોવાની માહિતી નગરપાલિકાના સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી

અમદાવાદમાં શ્રેય હોસ્પિટલમાં સર્જાયેલા અગ્નિકાંડમાં કોરોના સામે લડી રહેલા ૮ દર્દીઓના કરૂણ મૃત્યુ થયા છે.હોસ્પિટલના મેનેજમેન્ટની બેદરકારી સામે રાજયભરના લોકોમાં પારાવાર રોષની લાગણી જન્મી છે.ત્યારે અરવલ્લી જિલ્લામાં આવેલા બે કોવિડ-૧૯ હોસ્પિટલમાં પણ ફાયર સેફટીનો અભાવ જોવા મળતા શ્રેય હોસ્પિટલ વાળી ઘટનાનું પુનરાવર્તન થાય તો નવાઈ નહિ આરોગ્ય તંત્રની ઘોર બેદરકારી જોવા મળી રહી છે

# પાટણના સાગર પ્રજાપતિના મ્યુઝિકના દિવાના બન્યા ગ્રાંન્ડ માસ્ટર શિફુજી



ઐતિહાસિક નગરી પાટણમાં અનેક નામી અનામી કલાકારો થઈ ગયા છે.જેમને પાટણ ને વિશ્વ ફલક ઉપર ગૌરવ અપાવ્યું છે.ત્યારે જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ મેમ્બર રહી ચૂકેલા અને પાટણમાં પ્રસિદ્ધ વકીલ રસિકલાલ પ્રજાપતિના પુત્ર સાગર પ્રજાપતિ જે મ્યુઝિકનો શોખ ધરાવે છે.અને મિસ્ટર ઈન્ડિયા મોડેલ ફાઈનાલિસ્ટ છે.જે પાટણ માટે ગૌરવની વાત છે.ત્યારે હવે ભારતના કમાન્ડો મેન્ટર અને માર્શલ આર્ટીસ્ટ ગ્રાન્ડ માસ્ટર શીફુજી શૌર્ય ભારદ્વારજ યુવાનોને દેશ ભક્તિની પ્રેરણા આપતા અનેક વિડિયો બનાવ્યા છે.ત્યારે શીફુજી એ બનાવેલ એક વીડિયો માટે પાટણના સાગર પ્રજાપતિ બનાવેલ ભગવાન વિષ્ણુનું તાંડવ સંગીત ઉપયોગ માં લીધું છે. સાગર પ્રજાપતિ એ બનાવેલ આ રિમિક્સ તાંડવને યૂટ્યૂબમાં ૫૦ લાખ થી બધું લોકો નિહાળી ચુકયા છે.અગાઉ પણ સાગર પ્રજાપતિ હનુમાન ચાલીસાને રિમિક્સ કરી હતી.જેને ભારત સહિત વિદેશમાં ૧ કરોડ ૪૦ લાખ થી વધુ લોકોએ નિહાળી હતી.જેને ઓરીજીનલ હનુમાન ચાલીસાનો પણ રેકોર્ડ તોડી નાખ્યો છે.તેમને હિન્દી ફિલ્મ અને અન્ય એક સિરિયલમાં મ્યુઝિક આપવાની માટેની ઓફર પણ મળી છે.યૂટ્યૂબ માં સાગર પ્રજાપતિ નું સ્ટેજ નેમ ડી.જે.એક્સ છે.જેમાં ૮૦ હજાર થી પણ વધુ સબસ્ક્રાઈબર છે.આમ પાટણ ની ધરા ઉપર ઉભરતો યુવા ચહેરો પાટણ ને સમગ્ર રાજ્ય સહિત દેશ-વિદેશમાં પણ નામના અપાવી છે.

### કોરોનાકાળમાં ફ્રન્ટલાઈન વોરિયર્સનું યથોચિત સન્માન

# બાવકા ખાતે બનેલા નંદનવનનું 'કોરોના વોરિયર્સ વન નામાભિધાન કરાયું

અભેસિંહ રાવલ દાહોદ

રાજ્ય મંત્રી શ્રી બચુભાઇ ખાબડ અને સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોરની ઉપસ્થિતિમાં ૭૧માં વન મહોત્સવની જિલ્લા કક્ષાની ઉજવણી સંપન્ન

દાહોદમાં છેલ્લા પાંચેક માસથી કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે દિનરાત તનતોડ મહેનત કરી રહેલા ફ્રન્ટલાઇન વોરિયર્સને યથોચિત સન્માન આપવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વન મહોત્સવ અંતર્ગત બાવકા ખાતે નિર્માણ પામેલા ઉપવનને 'કોરોના વોરિયર્સ વન' નામાભિધાન કરવામાં આવ્યું છે. આજે વન મહોત્સવની ઉજવણીની સાથે કોરોના વોરિયર્સ વનનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

ઉજવણીમાં ઉપસ્થિત રાજ્ય મંત્રી શ્રી બચુભાઇ ખાબડે જણાવ્યું કે, દાહોદ જિલ્લાનો જંગલ વિસ્તાર આદિવાસીઓ માટેના પોષણનું માધ્યમ અને આશરા સમાન છે. આપણે સૌ પ્રકૃત્તિને પૂજતા આવ્યા છે. રાજ્ય સરકાર પણ પ્રકૃતિનું જતન કરી પર્યાવરણનું રક્ષણ કરવા માટે કટિબદ્ધ છે.

શ્રી ખાબડે ઉમેર્યું છે, જળ, જમીન અને જંગલનું જતન લોકોના સહયોગ વિના અધુરૂ છે. જે વિસ્તારમાં વધુ વૃક્ષો હોય ત્યાં વધુ વરસાદ પડે છે, એ વાત આપણી નજર સમક્ષ છે. કચ્છ કાઠિયાવાડ વિસ્તારમાં વધુ વૃક્ષોનું વાવેતર થતાં ત્યાં વરસાદ સારો થઇ રહ્યો છે. આપણે પણ વધુ પ્રમાણમાં વધુ વાવી ધરતીને હરિયાળી બનાવવી પડશે. પરિવારમાં એક વ્યક્તિ દીઠ એક વૃક્ષ વાવવાનું તેમણે આહ્વાન કર્યું હતું. સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, આપણા માટે આનંદની વાત છે કે, દાહોદ જિલ્લામાં જંગલ બહારમાં વૃક્ષોનું પ્રમાણવધીને ૧૪ ટકા થયું છે. જિલ્લામાં આવેલા ૬૯૮ પૈકી ૪૪૩ ગામો વન્ય વિસ્તારોમાં આવેલા છે. વન મહોત્સવની ગૌરવવંતી પરંપરા શરૂ કરનારા ગુજરાતના પનોતા પુત્ર ક. મા. મુન્શીનું સ્મરણ કરતા સાંસદશ્રીએ ઉમેર્યું કે, ગુજરાતમાં વર્ષ ૨૦૦૪થી તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વન મહોત્સવને આગવી રીતે ઉજવવાની ઉજળી રીતીનો પ્રારંભ કર્યો છે. લોકોની આસ્થા સાથે પ્રકૃત્તિને સાંકળી વનોનું નિર્માણ કરવામાં આવે છે. જેનાથી પર્યાવરણનું સંવર્ધન થઇ રહ્યું છે.

બાવકા ખાતે નિર્માણ પામેલા વનને કોરોના વોરિયર્સ વન એવા નામકરણને મહાનુભાવોએ યથાર્થ ઠેરવ્યું હતું. કોરોનાના સંકટ સામે લડી રહેલા આરોગ્યકર્મી, પોલીસકર્મી, સફાઇકર્મી, જિલ્લા વહીવટી તંત્રના કર્મયોગીઓ, મીડિયા, સામાજિક અને સેવાભાવી સંસ્થાઓને યથોચિત સન્માન આપવામાં આવ્યું છે. કલેક્ટર શ્રી વિજય ખરાડીના કલેક્ટર તરીકેના કાર્યકાળમાં રાબડાળ ખાતેના આરોગ્ય વન બાદ બાવકાનું કોરોના વોરિયર્સ વન બીજું પ્રાકૃતિક નજરાણું દાહોદના લોકોને મળ્યું છે. જેમાં વન વિભાગની કામગીરી પણ કાબીલે તારીફ છે.

૭૧માં વન મહોત્સવ અંતર્ગત દાહોદ જિલ્લામાં ૫૦ લાખથી વધુ રોપા વાવવાનું આયોજન વન વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. બાવકા ખાતે ૩૫૦૦ રોપા વાવી તેનું જતન કરવામાં આવશે. આજના કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ, રૂ. ૩૨.૭૯ સહાય તથા સાગના રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આંગણવાડી કાર્યકરોને સરગવાના રોપા અપાયા હતા. આ ઉપરાંત, વન વિભાગ દ્વારા કોરોના વાયરસ સામે ઉકાળાનું કામ કરતી ઔષધિના રોપા વિતરણ વાહન અને બે મોબાઇલ પશુ દવાખાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

આ વેળાએ ધારાસભ્યશ્રી વજુભાઇ પણદા અને શ્રીમતી ચંદ્રિકાબેન બારિયા, વન વિભાગના વરિષ્ઠ અધિકારી શ્રી રામ રતન નાલા, કલેક્ટર શ્રી વિજય ખરાડી, નાયબ વન સંરક્ષક શ્રી આર. એમ. પરમાર સહિત તાલુકા અને ગ્રામ પંચાયતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આદિવાસી કાંતિકારો અને શહીદના નામના વૃક્ષો વાવી વિશ્વ આદિવાસી દિનની ઉજવણી કરાઈ



સંયુક્ત રાષ્ટ્ર સંઘ (યુનો) દ્વારા આદિવાસીઓ ના કલ્યાણ માટે ૯ ઓગષ્ટ ૧૯૮૨ ના રોજ મળેલ બેઠક બાદ વિશ્વના તમામ દેશોમાં વિશ્વ આદિવાસી દિન તરીકે જાહેર કરવામાં આવેલ ત્યારબાદ ના વર્ષો થી ૯ મી ઓગષ્ટ એ વિશ્વ આદિવાસી દિવસ તરીકે ઉજવવામાં આવે છે આજે વિશ્વ આદિવાસી દિન નિમિત્તે સંકલ્પ સંસ્થા અને એકલવ્ય જનસેવા ટ્રસ્ટ, પાટણ ના સંયુક્ત ઉપક્રમે આર્યાવ્રત નિર્માણ ચેરીટેબલ ટ્રસ્ટ ના નિલેશભાઈ રાજગોર ના સહયોગથી સુજનીપુર, નવી સબજેલ પાટણ ખાતે આવેલ શહીદ સ્મૃતિ પીપળ વન માં આજરોજ સવારે ૯:૦૦ કલાકે વૃક્ષારોપણ કરવામાં આવ્યું આદિવાસી ક્રાંતિકારીઓ અને શહિદો બિરસા મુંડા, રાણા પુંજા, શબરી માતા, તાત્યા મામા, એકલવ્ય, વાલ્મિકી, આશાભીલ વિગેરે ના નામ પર વૃક્ષો વાવી પૂજા કરીને વૃક્ષો નું જતન કરવાના અને ગ્રીન કમાન્ડો તરીકેના સંકલ્પ લેવામાં આવ્યા આ પ્રસંગે સંકલ્પ સંસ્થા ના પ્રમુખ રાજેન્દ્ર હિરવાણીયા, એકલવ્ય જનસેવા ટ્રસ્ટ પ્રમુખ સુનિલભાઈ ભીલ, ઈશ્વરભાઈ પરમાર, વિનોદભાઈ પરમાર, હિતેશભાઈ વણકર, દિનેશભાઈ ભીલ, નાગજીભાઈ ભીલ, રાજુભાઈ ભીલ, અશ્વિન ભીલ, વિક્રમ ભીલ વિગેરે સામાજિક કાર્યકર ઉપસ્થિત રહ્યા હતા.

### ભિલોડા :૧૦ વર્ષથી પતિ અને સાસુ સસરા અસહ્ય ત્રાસ અને પતિ વારંવાર ઘરમાં પુરી દેતા

# મહિલાની મદદે ૧૮૧ અભયમ ટીમ પહોંચી મહિલાને મુક્ત કરાઈ

અરવલ્લી બ્યુરો મોડાસા

ઘરેલુ હિંસા સહિતની વિવિધ પ્રકારની હિંસાના કિસ્સા ડામવા અને તાત્કાલિક મહિલાઓને બચાવ અને સલાહ માર્ગદર્શન તથા મહિલાઓ, યુવતીઓની થતી રંજાડ સામે મદદ પુરી પાડવા ૧૮૧ અભયમ હેલ્પલાઈની શરૂઆત કરવામાં આવી છે. ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન આશીર્વાદ રૂપ સાબિત થઈ રહી છે અનેક લોકોના ઘર સંસાર તૂટતાં બચાવ્યા છે.તો અનેક મહિલાઓ અને યુવતીઓની રંજાડ કરતા શખ્શોને કાયદાકીય પાઠ પણ ભણાવ્યા છે ત્યારે અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના કિશનગઢ ગામે મહિલાનો પતિ અને સાસુ સસરા માનસિક ત્રાસ આપતા હોવાની સાથે પતિ તેની પત્નીને વારંવાર ઘરમાં પુરી દેતો હોવાથી અને મહિલાના પરિવારજનોને પણ જાનથી મારી નાખવાની ધમકી આપતા મહિલાની બહેને ૧૮૧ અભયમની મદદ લેતા અરવલ્લી અભયમ ટીમ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ઘરમાં કેદ રહેલી મહિલાને છોડાવી હતી મહિલાએ પતિ અને સાસુ-સસરા વિરુદ્ધ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાવતા ભિલોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી



ભિલોડા તાલુકાના બાવળીયા-ટોરડા ગામની જશોદાબેનના લગ્ન સામાજિક રીતરિવાજ મુજબ કિશનગઢના પ્રભુદાસ કાળીદાસ ભેંસા સાથે લગ્ન થયા હતા લગ્ન જીવનના થોડા સમય પછી પ્રભુદાસએ તેમની પત્ની પર વહેમ રાખી ઘરમાં પુરી દેતો હતો તેમજ માનસિક શારીરિક ત્રાસ આપવાનો શરુ કર્યો હતો લગ્ન જીવન દરમિયાન ૪ બાળકોનો જન્મ થતા મહિલા લગ્ન સંસાર ટકાવી રાખવા અને બાળકોના ભવિષ્યને લઈને સહન કરતી હતી તેનો પતિ વારંવાર મહિલાને ઘરમાં પણ પુરી દેતો હતો મહિલાના સાસુ સસરા પણ મહિલા વિરુદ્ધ પતિની ઉશ્કેરણી કરી શારીરિક ત્રાસ આપતા હતાં મહિલાનો પતિ આટલેથી ન અટકતા તેની પત્નીના પરિવારજનો ત્રાસ આપી જાનથી મારી નાખવાની ધમકી આપતો રહેતો હતો તેમ છતાં તેમની દીકરીનો ઘર સંસાર તૂટે નહિ એટલે સહન કરતા હતા છેલ્લા થોડાક દિવસો થી મહિલાને ઘરમાં પુરી રાખતા મહિલાની બહેને આખરે મોંઘા મોઢે સહન કરતી બહનને માનસિક અને શારીરિક ત્રાસમાંથી છોડાવવાનો નીર્ધાર કરી ૧૮૧ અભયમની મદદ લેતા હેલ્પલાઈન પર સમગ્ર ઘટનાનું વર્ણન કરતા અરવલ્લી ૧૮૧ અભયમ ટીમને જાણ કરવામાં આવી હતી અરવલ્લી ૧૮૧ અભયમ ટીમના કાઉન્સિલર શિલ્પા ગામીત , કોન્સ્ટેબલ ઈલાબેન ,પાયલોટ વિક્રમભાઈ તાબડતોડ કિશનગઢ પહોંચી હતી અને ઘરમાં પુરી રાખવામાં આવેલા જશોદાબેનને મુક્ત કરાવ્યા હતા અને મહિલાને હિંમત આપતા મહિલાએ ૧૦ વર્ષથી માનસિક અને શારીરિક ત્રાસ આપતા પતિ અને સાસુ સસરા વિરુદ્ધ ફરિયાદ નોંધાવવાનું જણાવતા મહિલા સાથે ભિલોડા પોલીસ સ્ટેશન પહોંચી મહિલાની ફરિયાદ નોંધાવી હતી મહિલાએ તેના પતિ અને સાસુ-સસરા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા ભિલોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી મ નાના બાળકો નો ઉછેર કરે એમ ફડાઉ રોપા અને ટ્રીગાર્ડ આપી ને છોડ ને ઉછેરવા ની પણ સમજ આપી હતી ખાસ શેતુર સરગવો અને જામ્બુ ના રોપા આપવા માં આવ્યા હતા કે જેનાથી રોગ પ્રતિકારક શક્તિ માં.પણ વધારો થઈ શકે મુખ્યસેવીકા બહેનો દ્વારા સ્તનપાન ના ફાયદા અને ગેર ફાયદા અંગે પણ સમજ આપવા માં.આવી હતી આમ માલપુર તાલુકા માં ૧ ઓગસ્ટ થી ૭ ઓગસ્ટ સુધી વિશ્વ સ્તનપાન સપ્તાહ ની ઉજવણી ખૂબ ઉત્સાહ થી કરવા માં આવી હતી

# સાહિત્ય સરિતા

જનરલ - લગ્નજીવનની હકીકત :-

----------------------

દરેક પરણિત સ્ત્રી-પુરુષે વાંચવા જેવું

----------------------

નહોતી મને તારી પડી
કે નહોતી તને મારી પડી,
આતો તને જોવા આવ્યો ને તું જડી.
હું પણ પ્રેમમાં પડ્યો, અને તું પણ પડી.
પછી લગ્નની શહેનાઈ ની વાગી ઘડી,
આવ્યો હું વાજતે ગાજતે ઘોડે ચડી.
પછી તો એક-બીજાની એટલી પડી,
કે ચાલતું નહી એક-બીજા વગર ઘડી.
પ્રેમની વરસાવી એવી જડી.
પછી છોકરા થયા, તું એમાં પડી,
મને પણ ધંધાની ચાનક ચડી.
ક્યાં વઈ ગઈ એ ઘડી, ખબર નો પડી,
જાણે કોઈની નજર પડી.
પછી આવી ઈમોશનલ ઘડી
કહેવા લાગી તમને કાઈ નથી મારી પડી,
અને તું ઇમોશનલી રડી,
જાણે મારી ઉપર આફત પડી.
થોડી રકજક ને થોડી જીભાજોડી.
આવી ગેરસમજની ઘડી,
કહેતાં : તને મારી નથી પડી તો મને પણ નથી પડી.
ન ચાલી ઝાઝી લડા-લડી,
કારણ?
પિયર જતી ત્યારે ખબર પડી,
કે, આતો આદત કેવી પડી,
કે ચાલતું નથી એક-બીજા વગર ઘડી.
સાથે હોય ત્યારે ભલે થાય લડા-લડી,
પણ, મનથી તો હોય એક-બીજાની પડી.
લગ્નની શરૂઆતમાં તો હોય આકર્ષણની ઘડી.
ઉંમર થઇ ત્યારેજ સાચા પ્રેમની ખબર પડી, યાદ કરી જીવનની હરએક ઘડી,
બંનેના એક એક હાથે તાળી પડી.
ખુશીથી બંનેની આંખ થોડી રડી.
જીવનના અંતમાજ વાસ્તવિકતા જડી.
કે છીએ બંને એક-બીજાની છડી.

------------------------------------------------

**Bombay Jigna. Narishakti Lekh:** ઈશ્વરનો કહેર, કે કૃપા !

આજે પ્રથમ વખત શાળામાં પ્રવેશતાં મારા કદમ એક મિનિટ માટે થંભી ગયાં. કોરોનાનો કહેર યથાવત છે, ત્યારે શાળાઓમાં બાળકો માટે પ્રવેશ બંધ છે, પણ શિક્ષકોએ શાળાએ આવવાનું હોય. હું એક શિક્ષક છું. શાળાનું વેરાન દ્રશ્ય જોઈ હું રસ્તો ભૂલીતો નથી ગઈ ! ભૂતકાળની એ મધુરયાદોના દ્રશ્ય મારી નજર સામેથી એક પછી એક પસાર થવા લાગ્યાં. બાળકોનો કલરવ મારા કાનમાં ગુંજવા લાગ્યો. શું આ મારી જ શાળા છે ? પ્રશ્નોની ક્તાર મારા મગજમાં દોડતી થઈ.

આ એકાદ મિનિટે મારા હૃદય કમળને ભીજવી નાખ્યું. હું આગળ ચાલી, ઓફિસ સુમસાન, શાળાનું મેદાન વેરાન, શાળાનાં ઝાડ, બગીચાના ફૂલો જાણે બાળકોને શોધતાં હોય એવું લાગ્યું. હું ધીમી ચાલે, વિચારોના વમળમાં ડૂબેલી વર્ગખંડ સુધી પહોંચી. બાળકોના વર્ગખંડમાં પ્રવેશતાં જ જાણે દીવાલો મને કંઈક પૂછવા લાગી ! એવો અહેસાસ થયો. વર્ગખંડની બારીઓમાંથી અંદર આવતાં પંખીઓ એ વર્ગમાં પોતાના માળા બાંધી, પોતાનો કબજો જમાવ્યો હોય એવું લાગ્યું. પંખીઓ, અને માળા જોતાં જોતાં હું આગળ પ્રાર્થના હોલ તરફ ગઈ. ત્યાં પણ અલગ અલગ કેટલાં પ્રકારનાં માળાઓ અને પંખીઓ જોવા મળ્યાં. કેટ કેટલાં પંખીઓ ! જે આ પહેલાં કદી જોવા નથી મળ્યાં ! બસ આ એકજ વાતથી હું થોડી હળવી થઈ.

આજે શાળામાં બાળકોનું સ્થાન આ પંખીઓ, અને કેટલાય પ્રકારના જીવ જંતુઓ જેવાકે, રંગબેરંગી પતંગિયા, મધપૂડો બનાવી રહેતી મધ માંખીઓએ લઈ લીધું એવું લાગ્યું. જ્યાં જગ્યા મળી ત્યાં આ બધાં પંખીઓ, અને જીવ જંતુઓ વસવાટ કરવા લાગ્યાં. આ દશ્ય જોઈ થોડો આનંદ પણ થયો, બાળકોનો કલરવ નહીં પણ પંખીઓનો કિલકિલાટ સાંભળી મન હરખાયું.

પંખીઓ બાળકોની જેમ ભણવા આવ્યાં હોય એમ આખો દિવસ કિલકિલાટ કર્યા કરે, અને એક જગ્યાએથી બીજી જગ્યાએ ઉડયાં કરે. રોજ શાળાએ જઈએ અને બાળકોની જગ્યાએ પેલાં પંખીઓ આમતેમ ઊડતાં જોઈ, એમનો મધુર કંઠ સાંભળી " આ પંખીઓની પાઠ શાળા છે."એવું સમજી એમને જરા પણ નુકશાન ન પહોંચે એની કાળજી રાખતા. એમના માટે પાણી, અને ચણની વ્યવસ્થા પણ કરી આપતાં. પંખીઓ પણ અમારી સાથે દોસ્તી થઈ ગઈ હોય એમ અમારાથી જરા પણ ડર્યા વિના પોતાનામાં મસ્ત બની રહેતાં.

મન રોજ એક પ્રશ્ન કરે શું આ કુદરતનો કહેર કે એનો કોઈ સંકેત ? શું થવા જઈ રહ્યું છે ? પ્રગતિની દોડમાં આગળ વધી રહેલ માનવ જાત કેમ અચાનક થંભી ગઈ ? શું પ્રગતિ તરફની આપણી દોડ, પ્રકૃતિનાં વિનાશનું કારણ તો નહીં બની રહ્યું હોય ? કોરોનાના કહેરથી લોકો ત્રાસી ગયાં છે, ત્યારે ઘણાં એવા અદ્દભૂત સમાચારો જોવાં, સાંભળવા મળ્યાં છે, જે ઈશ્વરીય શક્તિનું પ્રતીક છે. ઘણા વર્ષોથી ન નિહાળ્યાં હોય એવા કુદરતી દશ્યનું નિહાળવા મળ્યાં. વાતાવરણ પ્રદૂષણ મુક્ત થવા લાગ્યું. નદીઓના નીર સ્વચ્છ બન્યાં. ઘણા પહાડો, ડુંગરો દશ્યમાન થયા. મેઘરાજા પોતાની સવારી લઈ ધરતી માતાને 'સેનીટાઇઝ' કરવાં આવી ગયાં હોય એવું આહલાદ્દક વાતાવરણ જોવાં મળ્યું.

છેલ્લાં છ માસમાં ન થવાનું ઘણું થયું. નાના મોટા સૌ કોઈ એ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. પણ બીજી બાજુ જોઈએ તો સાવ મશીન બનીને જીવતાં લોકોને પોતાનાં પરિવાર સાથે સમય પસાર કરવાનો સમય મળ્યો. ઘણાં લોકો કહેતાં હોય સમય ક્યાં છે ? કદાચ ઇશ્વરેજ સમય આપ્યો હોય એવું લાગે. ઘણાં માતા- પિતા એવા છે, જે પૈસા કમાવવામાં એટલાં બધાં વ્યસ્ત હોય છે, કે પોતાનાં સંતાનોને સમય આપી નથી શકતાં. જેનાં કારણે બાળકો માત પિતાનો પ્રેમ ગુમાવી બેસે છે. બીજી બાજુ બાળકો પણ ભણતરનાં બોજમાં પોતાનાં માતા પિતા પાસે બેસી આનંદ માણી નથી શકતાં. કદાચ હાલનો સમય આ બધીજ સમસ્યાઓનું નિવારણ કરવા માટે યોગ્ય હોય.

આપણે સૌ ગામડું છોડી શહેર તરફ દોટ મૂકી. ઘરનું ખાણું છોડી બહારની મોજ માણતાં હતાં. આપણી સંસ્કૃતિ છોડી પશ્ચિમી સંસ્કૃતિ તરફ વળ્યાં. દેશ છોડી પરદેશ જવાં તૈયાર થયાં. આપણને પાછાં વાળવા માટે ઇશ્વનો સંકેત હોઈ શકે. આજે બધાં પોતાનાં ગામડાં, ઘર ખેતર તરફ પાછા વળ્યાં છે. ફરી એકવાર મારો ભારત દેશમાં સુવર્ણ સમય આવશે. રામ રાજ્યની શરૂઆત થઈ ચુકી છે. ભારતને આત્મનિર્ભર બનતાં કોઈ રોકી નહીં શકે. કોરોના કહેરે દરેક માનવને જગાડ્યો છે!. પોતાની ફરજનું ભાન કરાવ્યું છે. સૌ કોઈ પોતાની જાતે પ્રગતિનાં સોપાન સર કરશે. ભારતનો માનવી મહામાનવ બનશે.

કોરોનાની મહામારીનાં સમયને સુવર્ણ સમય બનાવીને જંપશે.

મેરા ભારત મહાન.

હેમલતા ટી. દિવેચા. જૂનાગઢ.

------------------------------------------------

NG -011 વિભાગ - ગદ્ય પ્રકાર- વાર્તા

શબ્દ- મિત્રતા શીર્ષક -મિત્રોની મિત્રતા

એક મોટું માનકપુર નામે જંગલ હતું. જંગલની અંદર મોર, ચકલી, પોપટ, હરણ, વાંદરા, ઉંદર, કાગડા વગેરે જેવા પક્ષીઓ અને પ્રાણીઓ રહે.

મોરભાઈ એકલા એકલાં ફરે. ના એને કોઈ મિત્ર હતો કે ન એ કોઈને મિત્ર બનાવે.

મોરભાઈને થયું ," મારે હવે લગ્ન કરવું પડશે. બધાંએ લગ્ન કરી દીધા છે. હું એકલો જ બાકી છું."

બાજુના આવેલા મલકપુરના જંગલમાં રહેતી ઢેલને લગ્નનો પ્રસ્તાવ મુક્યો.

એટલે ઢેલબેન મોરભાઈને કહે ,"તારે કોઈ મિત્ર છે, તારે કોઈ મિત્ર હોય તો જ હું તારી સાથે લગ્ન કરવા તૈયાર થઉ. તારે ઓછામાં ઓછાં ત્રણ મિત્રો તો હોવા જ જોઇએ."

મોરભાઈ કહે," મારે કોઈ મિત્ર નથી, પણ હું મને થોડો સમય આપો તો હું મિત્રો બનાવી દઉ."

ઢેલ એ વાત પર સંમત થઇ ગઈ. અને મોરભાઈને અઠવાડિયાનો સમય આપ્યો. મોરભાઈ જંગલમાં ગયા.

મોરભાઈ ધીમે ધીમે આગળ જતાં હતા. ત્યાં વડનાં ઝાડની બાજુમાં ઊભા રહ્યા. વડના ઝાડની બાજુમાં દરમાં ઉંદરભાઈ રહેતા હતા.

મોરભાઈએ બૂમ પાડી ઉંદરભાઈને બોલાવી કહ્યું," તમે મારા મિત્ર બનશો, મારે મિત્રની ખાસ જરૂર છે." ઉંદરભાઈએ મોરની વાત સાંભળી સંમતિ આપતાં કહ્યું," મોરભાઈ ગમે ત્યારે તમે મને યાદ કરશો. ત્યારે હું આવી જઈશ ને આપને મદદ કરીશ."

એ પછી મોરભાઈ થોડાક આગળ ગયા. સામે

ઝાડ પર હુપ હુપ કરતાં એક વાંદરાભાઈ મળ્યાં.

મોરભાઈએ વાંદરાભાઈને ઊભા રાખીને કહ્યું,"તમે મારા ખાસ મિત્ર બનશો. મારી તમારી જરૂર છે."

વાંદરાભાઈએ મોરભાઈની વિનંતી સ્વીકારી દીધી.

હવે મોરભાઈના ઉંદરભાઈ અને વાંદરાભાઈ એમ બંને મિત્ર બની ગયા હતા. એવામાં એમને એક સામેથી કાગડાભાઈ મળ્યા.

કાગડાભાઈને મોરભાઈએ કહ્યું,"તમે મારા મિત્ર બનશો. મારે મિત્રની જરૂર છે."

કાગડાએ પણ સંમતિ આપી. આમ, મોરભાઈના ઉંદરભાઈ, વાંદરાભાઈ અને કાગડાભાઈ ત્રણ મિત્રો બન્યાં. બધાં મિત્રો રોજ મળે ને વાતો કરે, રમે ને પછી રાજી થઈ છુટા થાય. આમ એક અઠવાડિયું વીતી ગયું.

મોરભાઈએ ઢેલની પાસે જઈ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. ઢેલબેને પણ મોરનો પ્રસ્તાવ સ્વીકારી લીધો. મોરભાઈ ને ઢેલબેનના ધામધૂમથી લગ્ન થયાં. જંગલમાં મંગલ થઈ ગયું. જંગલમાં લગ્નની જોરદાર પાર્ટી યોજાઈ હતી.

લગ્ન કરીને મોરભાઈ ને ઢેલબેન ઘેર જતાં હતા. અચાનક મોરભાઈનાં પગ જાળમાં ફસાઈ ગયા, લાગતું હતું કે કોઈ શિકારીએ જાળ પાથરી હોય.

મોરભાઈ ગભરાઈને કહ્યું," બચાવો બચાવો."

મોરભાઈની દુ:ખભરી બૂમ સાંભળીને ઉંદરભાઈ આવી ગયા અને ફટાફટ ઉંદરભાઈએ જાળ કાપી નાખી. આ જોઈને શિકારી તરત જ ત્યાં આવી ગયો. શિકારીએ મોરને મારવા ધનુષ્ય હાથમાં લીધું. પણ, એટલીવારમાં ત્યાં વાંદરાભાઈ આવી ગયા અને એના હાથમાંથી ધનુષ્ય લઈ લીધું. ને કાગડાભાઈ એ શિકારીના માથાં પર ચાંચ મારવા લાગી. ને સાથે કા...કા...કાગારાવ કરી મૂકી. બાજ, સમડી ને હાથીભાઈ જેવા પ્રાણીઓ આવી ગયા. આ બધાંને જોઈ શિકારી ભાગી ગયો. આ રીતે મોરભાઈને બચાવવા માટે ત્રણ મિત્રો જ કામે લાગ્યા.

મોરભાઈએ દરેક મિત્રોનો આભાર માન્યો.

'મન' મનોજકુમાર પંચાલ પાલનપુર

# ગરીબની લાચારી

રોટેરીયન બાબુભાઇ કે પ્રજાપતિની કલમે

ગરીબ દંપતીએ વાવણી માટે જમીન ભાડે રાખી હતી. તેની પર પાક ઊભો હતો. આ ઊભા પાક પર સ્થાનિક તંત્ર બુલડોઝર ફેરવવા આવી પહોચ્યું. કેમ કે આ જમીન પર એક કોલેજ બનાવવાની વિચારણા હતી કોન્ટ્રાક્ટ એજન્સીએ તંત્રને જમીન ખાલી કરાવી આપવા કહ્યું. બાપડા ગરીબ પતિપત્નીએ પોલીસને નમ્રતાથી વિનંતી કરી કે પાક ઉભો છે ત્યાં સુધીનો સમય આપો. પાક લેવાઈ જાય પછી તમે જમીન લઈ લેજો. છોકરાંઓ નાના છે અને માથે રૂ. પાંચ લાખનું દેવું છે. પાક નહીં થાય તો કદી દેવામાંથી બહાર નહીં આવી શકાય, પણ જાડી ચામડી પર આવી સંવેદનાની અસર થાય ખરી ? તેમણે તો રીતસર જોહુકમી જુલમ શરૂ કર્યો . ખેતર ખાલી કરાવવા પતિ-પત્નીને ઢોર માર માર્યો. ન સંભળાયો બાળકોનું રુદન કે તેમની ગરીબાઈની લાચારી . બિલ્ડરોના તરફેણ કરનાર સરકારે તે માન્યું નહીં. ઉલટાનું તેના ભાઈ, પત્ની અને અન્ય પરિવારજનોને માર માર્યા. આખરે આ અન્યાયથી કંટાળી દંપતીએ દવા પી લીધી.

તંત્ર સામે ક્યાં સુધી હાથ જોડે ? કોઈ સાંભળનાર તો છે નહીં. પોલીસનું કામ તો પ્રજાના રક્ષણનું છે, રક્ષક જ ભક્ષક બને ત્યારે સામાન્ય લોકોનું શું થાય તેની કલ્પના પણ કરી શકાય તેમ નથી ? સરકાર માઈબાપ કહેવાય. એ આવું કરે તો આવા ગરીબડાં લોકોનું શું? રોજનું કમાઈ રોજ ખાનારા આવા લોકો ક્યાં ક્યાં કેટલે કેટલે પીલાતા હશે, પીંખાતા હશે એનો તો હિસાબ જ ક્યાં છે આપણી પાસે? આ એક ઘટના સામે આવી, આવી સેંકડો ઘટનાઓ સામે આવ્યા વિના અંધારિયા ખૂણામાં બન્યા કરતી હશે. અનેકો ગરીબો આવાં રાક્ષસી અન્યાય તળે કચડાતાં હશે. તેમનો અવાજ સાંભળનાર કોઈ નથી.

બધાએ પોતાના દરવાજા વાખી દીધા છે. પાંખો ગિરવે મુકાઈ હોય એવાં પંખીએ વળી ઉડવાનું શું? એના નસીબમાં તો પીંજરાં જ લખાયેલાં હોય છે. પીંજરા માં પુરનાર તે વળી કોણ? સમાજ જ ને! પાયામાં આવો અન્યાય દાટીને એ જગાએ હવે વિદ્યાર્થીઓ માટે કાલેજ બનશે. જેના પાયામાં જીવલેણ અન્યાય પડયો હોય, કોઇ નિર્દોષની આંતરડી કકડી હોય , કોઇ નિર્દોષે પોતાના પ્રાણ ત્યાગવા પડે ત્યાં કોલેજ તો શું મંદિર પણ ન બનાવવું જોઈએ. ખરું ને !?

આ ગરીબ દંપતીએ ખેતરમાં ભાવિના સપનાં જોયા હતાં, આ સપનાં જ એમને દેવામાંથી ઉગાવાના હતાં. પણ તેમનું સપનું હણાઈ ગયું. , સબસે ખતરનાક હોતા હૈ હમારે સપનોં કા મર જાના. સપનું મર્યા પછી જીવીને શું કરવાનું? દંપતીએ દવા પી લીધી.

આવાં અન્યાય સાંભળીને કોઈ પણ માણસનું હૈયું કકડી ઊઠે. આવા સમયે કવિની કલમ રૂદન ન કરે તો જ નવાઈ. આ આ કલ્પાંત એકાદ સત્તાધારી ને કાને પણ અથડાય તો એ સાર્થક થાય. એક કવિતા લાખો લોકોમાં સંવેદના જગાડી શકે છે. પણ દુર્ભાગ્ય એ કે એ લાખો લોકોમાંથી એક પણ નેતા કે ઉચ્ચ સત્તાધીશ નથી હોતો. તેમના થકી કરાયેલી વાહ માત્ર જે તે સભા પૂરતી રહી જાય છે. ન જાણે ખુરશીમાં બેઠા પછી કોઈ પણ માણસની સંવેદના મરી જતી હશે કે શું? કોઈ પણ અન્યાય હોય તેમાં છેવટે તો ગરીબોને જ . શોષાવુ પડે છે !?

રોટેરીયન બાબુભાઈ કે પ્રજાપતિ પાટણ

# નકલી બિયારણ, દવા અને ખાતર બનાવતી કંપનીઓ માં શુ સરકાર ની ભાગીદારી છે ખરી :- ખેડુત સમાજ - અમરેલી.

જય ભારત સાથ જણાવવાનું કે ગુજરાત માં નકલી બિયારણ , દવા અને ખાતર કે કોઈ પણ ફૂગ નાશક પાવડર હોઈ તેમનો રાફડો ફાટ્યો છે, અને બિન્દાસ્ત ખુલ્લી માર્કેટ માં કોઈ પણ પ્રકાર ના ભય વગર વેચી રહ્યા છે, સરકાર અને પ્રજા ના ટેક્સ ના પેસા નો પગાર લેતા સરકારી કર્મચારીઓ ને તમામ પ્રકાર ની માહિતી હોવા છતાં આજ સુધી નકલી બિયારણ બનાવતી કંપનીઓ અને તેમના માલિકો હજારો ખેડૂતો ને આત્મહત્યા કરવા મજબૂર બનાવી રહ્યા છે છતાં પણ સરકાર આંખ આડા કાન શુ કારણે કરે છે એ ખેડૂતો ના મન માં મોટો પ્રશ્ન છે.

ગુજરાત ના જૂનાગઢ જિલ્લા માં મગફળી ની અંદર ફૂગનાશક ટ્રાઈકોડ નામનો પાવડર બનાવતી કંપની ચાલતી હતી જેમની પાસે આ પાવડર બનાવવાનું લાઈસન્સ ન હતું છતાં પણ ફેક્ટરી ધમધમતી હતી અને ડુપ્લીકેટ પાવડર બનાવી ને ખેડૂતો ને લૂંટી રહી હોવા છતાં સરકાર અને તેમના સરકારી મળતીયાઓ ઊંઘી રહ્યા હશે ?? જ્યારે આ પાવડર બનાવતી કમ્પની ઉપર અમુક ખેડુત અગ્રણીઓ દ્વારા જનતા રેડ પાડવા માં આવી અને ઘટના સ્થળે જ સરકાર ના સરકારી કર્મચારીઓ ને બોલાવી આખી ફેકટરી બતાવી ને અંદર ડુપ્લીકેટ પાવડર નો જથ્થો બતાવ્યો તો પણ હજી સુધી ફેક્ટરી ના માલીક ઉપર કોઈ પણ જાત ની ફોજદારી ગુનો દાખલ કરવા માં આવ્યો નથી, માત્ર ફેક્ટરી અને ડુપ્લીકેટ પાવડર ના જથ્થા ને ચીલ મારવા માં આવેલ છે,

આવી જ રીતે અમરેલી જિલ્લા માં કેટલીય સંસ્થાઓ ના ગોડાઉનો માં નકલી બિયારણ , ખાતર ના જથ્થા પડેલા છે જેઓના લેબ ટેસ્ટિંગ ના રિપોર્ટ ફેલ આવેલ છે તેમ છતાં આપણે ખેતી નિયામક અધિકારી સાથે વાત કરીએ તો તેમના ઉડાવ જવાબ આ પ્રકાર રહે છે કે

× જે કોઈ સેમ્પલ ના ટેસ્ટિંગ રિપોર્ટ ફેલ આવ્યા છે તેમનો જથ્થો સિલ મારવામાં આવ્યો છે ×

આવા ટેલિફોનિક જવાબો મળે છે પણ આજ સુધી આ ડુપ્લીકેટ બનાવનાર કમ્પનીઓ અને તેમના માલિકો ઉપર કોઈ પણ પ્રકાર ના ફોજદારી ગુના દાખલ કેમ કરવામાં આવ્યા નથી તે આજ મોટો પ્રશ્નાર્થ ઉભો થાય છે. ખેડુત સમાજ અમરેલી જિલ્લા પ્રમુખ તરીકે આજ સરકાર ને આહવાન કરું છું કે આગામી સમય માં આ તમામ ડુપ્લીકેટ ની પેદાશું ઉપર કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવે અને તેમની ઉપર આજ સુધી જે કોઈ ખેડૂતો એ પાક ફેલ થઈ જવા ના કારણે આત્મહત્યા કરી છે તેમની હત્યા ના આરોપ સર આ ડુપ્લીકેટ બિયારણ, ખાતર, અને દવા બનાવતી કમ્પનીઓ ઉપર ફોજદારી દાવો કરી ને તેમની ધરપકડ કરવા માં આવે અને ગુજરાત ના છપન લાખ ખેડૂતો ને પણ કહેવા માગું છું કે તમો પણ જ્યારે ખાતર, બિયારણ કે દવા ની ખરીદી કરો ત્યારે સરકારી કૃષિ યુનિવસિટી દ્વારા જ ખરીદી કરો અને પાક્કા બિલો મેળવવા નો આગ્રહ રાખો જેથી કોઈ પણ કઈ પણ અજુગતું બને તો જે તે સંસ્થા ઓ ઉપર કાયદેસર ની કાર્યવાહી થઈ શકે અને ડુપ્લીકેટ કંપનીઓ ઉપર લાખો રૂપિયા નો દાવો પણ કરી શકો છો તો તમે જાગો અને જાગૃત બનો તો જ આ ડુપ્લીકેટ રૂપી રાક્ષસો નો ખાત્મો કરી શકીશું.

ફરી એક વખત ગુજરાત સરકાર ને બે હાથ જોડી ને વિન્નતી કરું છું કે જે કોઈ સેમ્પલ ના ટેસ્ટિંગ રિપોર્ટ ફેલ થયા છે તેમનો જથ્થો બાળી ને ખાક કરો અને તેમની ધરપકડ કરે એવી અમારી વિન્નતી છે ,પણ જો આગામી સમય માં કોઈ પણ પ્રકાર ના પગલાં ભરવામાં નહિ આવે તો આ વખતે જનતા રેડ માં જથ્થા ને સિલ નહિ મારવા દઈએ પણ કંઈક અલગ પ્રકાર ની જનતા રેડ થશે જે એક ગુજરાત માં અલગ દિશા ના નિર્દેશો આહવાન થશે.

જય હિન્દ.

# પાલનપુર આર.ટી.ઓ. સર્કલ પાસે રૂ.૧૬૬ કરોડના ખર્ચે ગુજરાતનો વિશિષ્ટ રેલ્વે ઓવરબ્રિજ બનશે



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

પાલનપુર આર.ટી.ઓ. સર્કલ પાસે રૂ. ૧૬૬.૨૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ગુજરાતનો વિશિષ્ટ રેલ્વે ઓવરબ્રિજનું ભૂમિપૂજન નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે કર્યુ હતું. આ ઉપરાંત છાપી અને જગણા રેલ્વે ઓવરબ્રિજ તથા થરાદ અને લાખણી વિશ્રામગૃહનું નાયબ મુખ્યમંત્રીશ્રીએ લોકાર્પણ કર્યુ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, પાલનપુર આર.ટી.ઓ. સર્કલ પાસે આવેલ રેલ્વે ફાટક હાલમાં દિવસમાં ૫૮ વખત બંધ કરવામાં આવે છે. અહીંથી દિલ્હી-મુંબઇ કોરીડોર પસાર થવાથી રેલ્વેની માલગાડીઓ માટે ૪ લેન રેલ્વે ટ્રેક બનાવવાની કામગીરી ચાલું છે. જેથી આગામી દિવસોની ટ્રાફિક સમસ્યાને નિવારવા માટે ત્રણ બાજુથી અવર-જવર કરી શકાય તેવો ગુજરાતનો વિશિષ્ટ રેલ્વે ઓવરબ્રિજ બનશે. જેનાથી પાલનપુર શહેરની ટ્રાફિક સમસ્યાને નિવારી શકાશે. આ પ્રસંગે બનાસકાંઠા સંસદ સભ્યશ્રી પરબતભાઇ પટેલ, ધારાસભ્ય સર્વશ્રી શશીકાંતભાઇ પંડ્યા, શ્રી કિર્તીસિંહ વાઘેલા, શ્રી મહેશભાઇ પટેલ, શ્રી શિવાભાઇ ભૂરીયા, પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી હરીભાઇ ચૌધરી, બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઇ ચૌધરી, પૂર્વ મંત્રીશ્રી કેશાજી ચૌહાણ, માર્ગ અને મકાન વિભાગના સચિવશ્રી એસ. બી. વસાવા, કલેકટરશ્રી સંદીપ સાગલે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અજય દહીયા, પોલીસ અધિક્ષકશ્રી તરૂણ દુગ્ગલ, આસી. કલેક્ટરશ્રી પ્રશાંત ઝીલોવા, મુખ્ય ઇજનેરશ્રી પટેલીયા, કાર્યપાલક ઇજનેરશ્રી પંડ્યા સહિત અધિકારીઓ, અગ્રણીઓ સર્વશ્રી લાલજીભાઇ પ્રજાપતિ, શ્રી ભગુભાઇ કુગશીયા, શ્રીમતી કુમુદબેન જોષી સહિત સારી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ભાજપની હિના પટેલ ઝબ્બે

# સરગાસણ ખાતે જુગારનો અડ્ડો ચલાવતી ભાજપ મહિલા કાર્યકર આખરે ઝડપાઈ

**ગાંધીનગર**

ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં આવેલ શાંતિવિલા બંગ્લોઝમાં જુગારનો અડ્ડો ચલાવતી ભાજપની મહિલા કાર્યકર સહિત છ જેટલા શખ્શો સ્થાનિક ગુન્હા નિવારણ શાખાએ ઝડપી લેતા ભારે ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર એલ.સી.બી નો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. ત્યારે અડાલજ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ સરગાસણ શાંતિવિલા બંગ્લોઝના મકાન નં.૧૩ ખાતે જુગારનો અડ્ડો ચાલતો હોવાની બાતમી મળતાં મહિલા પી.એસ.આઇ એ.જી એનુંકરે રેડ કરતા અડ્ડાનું સંચાલન કરતી ભાજપની મહિલા કાર્યકર સહિત ૬ લોકો ઝડપાઇ ગયા હતા. જોકે શરૂઆતમાં હિના પટેલ પોતે સંગઠનમાં હોવાનું કહી પોલીસ ઉપર રોફ જમાવવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ પોલીસ તેના તાબે થઇ ન હતી અને કડકાઈથી તપાસ ચાલુ રાખી હતી. ઘટના સ્થળે જ આ પ્રવૃત્તિ અંગે હીનાબેન પટેલ કબુલતા કરી હતી કે, તે પોતાના ઓળખીતા જગદીશ પટેલ સાથે મળી ફોન ઉપર અન્ય લોકોનો સંપર્ક કરી જુગાર રમવા માટે બોલાવતા હતા. તેમજ જે સ્થળે જુગાર રમાતો હતો તે ઘર પોતાના ભાઈનું છે. પણ ઘણા સમયથી તેઓ તેમાં રહે છે. આથી રેડમાં ઝડપાયેલ મહિલા સહિત ૬ લોકો પાસેથી પોલીસે ૫૧,૯૫૦ રૂપિયા રોકડ, ૪ લાખની એક્ટીસ કાર, ૧૨,૫૦૦ ની કિંમતના ચાર મોબાઇલ ફોન અને જુગાર રમવાના કોઈનો નંબર ૩૦૬ મળીને કુલ રૂપિયા ૪ લાખ,૬૪૦૦૦,૪૫૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

જુગાર સ્થળેથી ઝડપાયેલા આરોપીઓમાં (૧) હીનાબેન સુરેશભાઈ પટેલ (રહે. શાંતિવિલા બંગલા નં.૧૩), (૨) જગદીશભાઈ રણછોડભાઈ પટેલ (રહે. પટેલવાસ વાવોલ ગામ), (૩) જીજ્ઞેશ નરહરી પ્રસાદ ભટ્ટ (રહે. ભટ્ટનો માઢ વાવોલ), (૪) અંકિત બાબુભાઈ પટેલ (રહે. ઉનાવાગામ-વાલરૂવાસ), (૫) કુણાલ પરેશભાઈ પટેલ (રહે. ૩૬-પંચવટી રેસિડેન્સી-કલોલ), (૬) સરફરાજ ઇસ્માઇલ ફકીર (રહે. કુબેરનગર વાવોલ)

આ તમામ લોકો સામે અડાલજ પોલીસમથકમાં જુગારધારા હેઠળ ગુનો નોંધાયો છે. સરગાસણના સમગ્ર વિસ્તારમાં જુગારનો પ દર્ફાશ થતા ચકચાર મચી જવા પામી છે.

# વિશ્વ આદિવાસી દિવસ નિમિતે દાંતા ખાતે આદિવાસી દિવસ ઉજવાયો



ગુજરાત ના સૌથી મોટુ શક્તિપીઠ અંબાજી દાંતા તાલુકા મા આવેલુ છે આ તાલુકો ગુજરાત નો સૌથો પછાત તાલુકો છે આ વિસ્તાર મા આદિવાસી સમાજ ની વસ્તી મોટા પ્રમાણમા જોવા મળે છે ત્યારે આજે વિશ્વ આદિવાસી દિવસ નિમિતે દાંતા ની આદર્શ નિવાસી શાળા ખાતે ગુજરાત સરકાર ના કેબિનેટ મંત્રી સૌરભ પટેલ ની અધ્યક્ષતા મા આદિવાસી દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી જેમા બનાસકાંઠા લોકસભા સાંસદ પરબત પટેલ ,બનાસકાંઠા જીલ્લા કલેક્ટર સંદીપ સાંગલે જીલ્લા વિકાસ અધિકારી ,દાંતા પ્રાંત અધિકારી ,મામલતદાર સહીત અમીરગઢ અને દાંતા વિસ્તાર ના આદિવાસી સમાજ ના લોકો હાજર રહ્યા હતા

આજના કાર્યક્રમ મા મહેમાનો નું શાલ અને સાફો પહેરાવી માતાજી ની પ્રતિમાં આપી સંમ્માન કરવામાં આવ્યુ હતુ ,આઝાદી બાદ ના આદિવાસી સમાજ મા હવે ઘણો પરીવર્તન આવ્યો છે અને આજના કાર્યક્રમ મા આદિવાસી સમાજ ના હીત ની વાત કરવામાં આવી હતી અને આદિવાસી નૃત્ય અને દીપ પ્રાગટ્ય સહીત ના કાર્યક્રમ યોજાયા હતા ,લોકો અને નેતા સહીત અધિકારીઓ સોશિયલ ડિસ્ટન્સ સાથે માસ્ક પહેરેલા જોવા મળ્યા હતા આજે આંતર રાષ્ટ્રીય આદિવાસી દિવસ પર સૌને શુભ કામના ,અંબાજી થી ઉમરગામ સુધી ૧૪ જીલ્લા ઓની અંદર ૪૦૦૦ ગામડાઓની અંદર આદિવાસી ભાઈઓ વસે છે ,નરેન્દ્ર ભાઈ એ વન બંધુ કલ્યાણ યોજના દ્વારા આદિવાસી સમાજ વિકાસ કરી શકે અને આવક વધે અને ખુબ સારી સુવિધા મળે તે માટે વન બંધુ યોજના શરુ કરી હતી ,૫ વર્ષ મા આપણે ૧૭ હજાર કરોડ ખર્ચ કરવાની ગણતરી હતી આજે આનંદ ની વાત છે કે આપણે ૧ લાખ કરોડ આ વિસ્તાર મા વાપરી શક્યા છીએ જેમા શિક્ષણ હોય, રોડ રસ્તા હોય, આરોગ્ય હોય ,પીવાનું પાણી હોય કે સિંચાઈ હોય કે વીજળી હોય સરસ મજાની સુવિધા મળે તે માટે સરકાર ના પ્રયાસો હોય છે હું અત્યારે કહી શકું છુ કે આઝાદી વખત નો આદિવાસી ભાઈ અને અત્યાર ના આદિવાસી સમાજ મા શિક્ષણ હોય કે આરોગ્ય હોય તેમા બદલાવ આવ્યો છે ,મને વિશ્વાસ છે કે આવનારા વર્ષો મા આદિવાસી સમાજ ના ભાઈ બહેનો દરેક ક્ષેત્ર મા સારો વિકાસ કરશે.. અહેવાલ લક્ષ્મણ ઠાકોર અંબાજી

## ઝાલોદ તાલુકામાં સાંસદ શ્રી ભાભોરે આદિવાસી વીર શહીદોને યાદ કર્યા

# મુખ્યમંત્રીશ્રી સાથે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાઈને દાહોદ જિલ્લામાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી ડિઝિટલી કરવામાં આવી

અભેસિંહ રાવલ દાહોદ

દાહોદ, તા. ૯ : રાજયભરમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષતામાં ડિઝિટલી કરવામાં આવી હતી. દાહોદ જિલ્લામાં વિવિધ સ્થળે કરવામાં આવેલી ઉજવણી પણ ડિઝિટલી કરવામાં આવી હતી અને મુખ્યમંત્રીશ્રી સાથે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાઇને આદિવાસી સંસ્કૃતિ, પરંપરા, સભ્યતાને સિંચીને તેને વિકાસની દિશામાં અગ્રેસર કરવા દૃઢસંકલ્પ લેવાયો હતો. પોતાના પ્રાંસગિક પ્રવચનમાં મુખ્યમંત્રીશ્રીએ આજના ગૌરવંવતા દિવસની સૌ વનબંધુઓને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે દેશની આઝાદી કાજે શહીદ થનારા આદિવાસી વીરોને યાદ કરી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા અને આદિવાસી સમાજના વિકાસ માટે, અધિકારોના રક્ષણ માટે, સામાજિક, આર્થિક, માળખાંકીય વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું.

દાહોદ જિલ્લાના સરકારી વિજ્ઞાન કોલેજ, ઝાલોદ ખાતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં મુખ્યમંત્રીશ્રી સાથે ડિઝિટલ માધ્યમથી જોડાઇને કરવામાં આવી હતી.

ઝાલોદ ખાતેના કાર્યક્રમ સ્થળે સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોરે આદિવાસી અસ્મિતા માટે શહીદ થનારા શ્રી ગોવિંદ ગુરૂ અને વીર બિરસા મુંડાને પુષ્પાજંલી આપી યાદ કર્યા હતા. તેમણે જણાવ્યું કે, કોરોના સંક્રમણના સમયમાં પણ ડિઝિટલી માધ્યમથી સમગ્ર ગુજરાતમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવાનું ઠરાવવા બદલ મુખ્યમંત્રીશ્રી ધન્યવાદને પાત્ર છે. આજે આદિવાસી સમાજને ધર્મ, શિક્ષણ વગેરે જેવી પાયાની બાબતોમાં દિશા ચિંધનાર શ્રી ગોવિંદ ગુરૂને શત શત નમન કરૂ છું. દાહોદમાં શ્રી ગોવિંદ ગુરૂના કંબોઇ ધામને ઝડપથી વિકસાવામાં આવશે.

આદિવાસી સમાજની વિરતાનો ભવ્ય ઇતિહાસ જયાં લખાયો તેવા માનગઢને પણ વડાપ્રધાનશ્રી દ્વારા આયોજનબદ્ધ રીતે વિકસાવાયું છે. દેશની આઝાદી માટે લડનારા આપણા આદિવાસી બંધુઓને પણ આપણે આજે યાદ કરવા રહ્યાં. તેમણે વ્હોરેલી શહીદીથી જ આદિવાસી સ્વાભિમાન, અસ્મિતા ટકી રહી છે. સમગ્ર દેશમાં આદિવાસી સમાજ ફેલાયેલો છે ત્યારે વડાપ્રધાનશ્રી વનબંધુઓ માટે સતત કાર્યશીલ અને કટિબદ્ધ છે. તેમણે શરૂ કરેલી વનબંધુ કલ્યાણ યોજના આદિવાસી સમાજ માટે વિકાસના નવા દ્વાર ખોલનારી સાબિત થઇ છે. અત્યાર સુધીમાં આ યોજના અંતર્ગત એક લાખ નવસો છપ્પન કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ વર્ષે પણ ૧૪,૧૦૭ કરોડની બજેટ જોગવાઇ કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું કે, જિલ્લામાં સિંચાઇની વાત કરીએ તો કડાણામાંથી દાહોદને પાણી આપવા માટે ૧૧૦૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. જેનો લાભ જલ્દી જ દાહોદ જિલ્લાને મળતો થશે. આ ઉપરાંત હાંફેશ્વર યોજના પણ ઝડપથી પૂરી થવામાં છે. જિલ્લામાં શિક્ષણકાર્યના વિકાસ માટે જવાહર નવોદય વિદ્યાલય સ્થાપવામાં



આવ્યા છે. ઝાલોદ તાલુકાને પણ તેનો લાભ મળી રહ્યો છે. એકલવ્ય મોડેલ સ્કુલ પણ આદિવાસી વિદ્યાર્થીઓ માટે આર્શીવાદ સમાન પુરવાર થઇ રહી છે. મેડીકલ અને ડેન્ટલની આદિવાસી સમાજની બધી જ બેઠકો સો ટકા ભરાતી થઇ છે.

આ પ્રસંગે આદિવાસી સમાજના વિશિષ્ટ સિદ્ધિ મેળવનારા વિદ્યાર્થીઓ, રમતવીરોનું સન્માન કરવામાં આવ્યું. સાથે વનબંધુ ઉદ્યોગ સાહસીને લોન સહાયની મંજૂરી પત્ર વિતરીત કરવામાં આવ્યા. ઉપરાંત વિવિધ યોજનાઓના આદિવાસી લાભાર્થીઓને મંજૂરીપત્ર આપવામાં આવ્યા.

કાર્યક્રમમાં ઝાલોદ તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતિ ચંપાબેન, નિવાસી અધિક કલેક્ટર શ્રી એમ.જે.દવે, ઝાલોદના પ્રાંત અધિકારી શ્રી એસ.ડી. ચૌધરી, ઝાલોદ તાલુકાના તાલુકા વિકાસ અધિકારીશ્રી, મામલતદારશ્રી, ઝાલોદ વિજ્ઞાન કોલેજના આચાર્યશ્રી, તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા. કોરોના સંક્રમણને ધ્યાને રાખી કાર્યક્રમ ખૂબ જ મર્યાદિત સંખ્યામાં કોવીડ-૧૯ સંદર્ભના નિયમોનું ચુસ્ત પાલન સાથે યોજવામાં આવ્યો હતો.

# ૧૪ એમ.એમ.ના પ્લાસ્ટિકના પડદા લગાવવા પાટણના વેપારીઓ સંમત થયા



પાટણ માં કોરોનાના સંક્રમણ નેઅટકાવવા માટે પાટણ ના તમામ બજારોના વેપારી એસોસિએશનનો પોતાની દુકાન દુકાનોમાં ૧૪ એમ.એમ.ના પડદા લગાવવા માટે સંમત થયા હતા અને તેઓએ આ બાબતે પાટણના નાયબ કલેક્ટર વ પ્રાંત અધિકારીને ખાતરી આપી હતી આ અંગેની જાણકારી આપતા પાટણ જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના ચેરમેન અને પાટણ નાગરિક બેંકના ચેરમેન સુરેશ ભાઈ સી પટેલે જણાવ્યું કે પાટણના પ્રાંત અધિકારી એ પાટણ ના તમામ વેપારીઓની બેઠક તેમના નેજા હેઠળ બોલાવી હતી આ બેઠક માં પાટણના કાપડ બજાર , વાસણ રેડીમેડ , કરિયાણું ,દવા ,મીઠાઈ, બુક સ્ટોલ ,અનાજ બજાર સહિતના તમામ બજાર એસો. ના પ્રમુખો ,પ્રતિનિધિઓ, વેપારીઓ ઉપસ્થિત હતા

આ બેઠકમાં પ્રાંત અધિકારી સ્વપ્નીલ ખરે એ જણાવ્યું કે સરકારની ગાઇડલાઇન પ્રમાણે હવે પાટણના બજારો ખુલી ગયા છે અને હવે બંધ કરવાના પણ નથી પરંતુ શહેરમાં સોશિયલ ડિસ્ટન્સ ના અભાવે કેસો વધી રહ્યાં છે અને તેને વધતા અટકાવવા માટે તમામ બજારોના વેપારીઓ પોતાની દુકાનમાં પ્લાસ્ટિકના ૧૪ મી.મી જાડાઈ વાળા પારદર્શી પ્લાસ્ટિકના આવરણ રાખે જેથી વેપારીઓ અને ગ્રાહકો વચ્ચે અંતર રહેશે અને સંક્રમણ નહી થાય , વેપારીઓ સેનેટાઈઝર અને માસ્કનો ઉપયોગ કરે , નાના બાળકો અને મોટી ઉંમરના લોકો બહાર બજારમાં ન આવે તે જોવાનું રહેશે.

પડદા લગાવવાથી સંક્રમણ ન ફેલાય તેમાંથી જાગૃતિ રાખવાનું સૂચન કર્યું હતું વેપારીઓ વતી સુરેશભાઈ સી પટેલે જણાવ્યું કે

અમે વેપારીઓએ આ બાબતે સંમતિ દર્શાવી હતી અને અન્ય વેપારીઓને પણ આ અંગે માર્ગદર્શન અપાશે તેમણે કહ્યું કે સમાજમાં સારો મેસેજ જાય તે માટે આ સૂચન જરૂરી હતું અને બે ત્રણ દિવસમાં જ શહેરની દુકાનોમાં પડદા લાગી જશે વેપારીઓએ રજૂઆત કરી કે વેપારીઓ પાણી પીવા કે અન્ય નજીવા કારણોસર માસ્ક ઉતાર્યો હોય ત્યારે દંડ લેવામાં આવી રહ્યો છે એ યોગ્ય નથી પ્રાંતે આ બાબતે કોઈ વેપારીને હેરાનગતિ ન થાય તેની ખાતરી આપી હતી ઉલ્લેખનીય છે કે પાટણ જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના ચેરમેન દ્વારા કરેલી રજૂઆતોને પ્રાંત અધિકારીશ્રી દ્વારા માન્ય રાખવામાં આવે છે અને પાટણ જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સ ના ચેરમેનના સઘન પ્રયત્નોના લીધે વેપારીઓની મુશ્કેલીઓ પણ દૂર થાય છે

# મોડાસામાં જાયન્ટ્સ અને સમગ્ર શિક્ષા અભિયાને પવિત્ર શ્રાવણ માસમાં સેવાની ધૂણી ધખાવી



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

આર્થિક રીતે અક્ષમ દિવ્યાંગ પરિવારોને મોડાસા જાયન્ટ ગ્રુપ અને સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા રાશન કીટ વિતરણ કાર્યક્રમ મોડાસા બીઆરસી ભવન ખાતે યોજાયો હતો મોડાસા શહેરના વિવિધ વિસ્તારોમાં રહેતા દિવ્યાંગ બાળકો તેમજ આવા પરિવારજનોને રાશન તેમજ શાકભાજી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મોડાસા જાયન્ટ્સ પરિવાર દ્વારા આ કીટ દિવ્યાંગ પરિવારોને આપવામાં આવી હતી. કોરોના વાયરસ ની મહામારીમાં પણ જાયન્ટ ગ્રુપ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં જરૂરિયાત મંદ લોકો ને જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓનું વિતરણ કરવાની કામગીરી કરી ચૂક્યું છે, જે અનુસંધાને હાલ આ કામગીરી યથાવત રાખવામાં આવી છે. આ કાર્યક્રમમાં જાયન્સ ઝોન ઉપપ્રમુખ નિલેશભાઇ જોષી, મોડાસા જાયન્ટસ પ્રમુખ નરેન્દ્ર પટેલ, મંત્રી પ્રવીણ પરમાર, જાયન્ટસ ના સભ્યો ભગીરથભાઇ નરેશભાઇ પારેખ, દક્ષેશભાઈ પટેલ, કિરણ પૂજારા, અમિત કવિ, તારાચંદ મહેશ્વરી હાજર રહ્યા હતા.

# પાટણ જિલ્લામાં લોકો માટે હરહંમેશ લડતા એવા સુધીરભાઈ ઠકકર જન અધિકાર મંચમા જોડાયા

## આંદોલનકારી સુધીરભાઈ ઠક્કરને જન અધિકાર મંચમા પાટણ જિલ્લાના પ્રમુખ તરીકે નિમણુક કરવામાં આવી

જન અધિકાર મંચમાં આંદોલનકારી પ્રવિણ રામની આગેવાનીમાં અનેક આંદોલનો થયા, જન અધિકાર મંચ દ્વારા ૨૦૧૨ થી અનેક આંદોલનો થયા છે અને મોટા ભાગના આંદોલનો માં સફળતા પણ મળી છે ,જેમ કે આરોગ્ય ક્ષેત્રે ચાલતા આંદોલનોમાં બિનકાયદેસર રીતે ચાલતા ૪૦૦૦ થી વધારે મેડિકલ સ્ટોર બંધ કરાવ્યા અને ૬૦૦૦ થી વધારે યુવાનોને મેડિકલ સ્ટોરમાં રોજગારી અપાવી તેમજ ફિક્સ પગારમાં કામ કરતા લાખો યુવાનોને પગાર વધારો કરાવ્યો,તેમજ સૌરાષ્ટ્રમાં ખેડૂતોના હિત માટે ઈકોઝોન ના મુદ્દાને લઈને અને યુવાનોના હિત માટે



બેરોજગારીના મુદ્દાને લઈને અનેક આંદોલનો પ્રવિણ રામની આગેવાનીમાં થયા. પાટણ જિલ્લાના સુધીરભાઈ ઠક્કર દ્વારા પણ GIDC માટે તેમજ ખેડૂતોના અનેક પ્રશ્નોને લઈને ઘણા સમયથી લડત ચલાવી પાટણ જિલ્લાની પ્રજામાં ખૂબ મોટી લોકચાહના મેળવી છે ત્યારે આવી સ્વચ્છ છબી ધરાવતા સુધીરભાઈ ઠકકર જન અધિકાર મચમાં જોડાયા છે અને પાટણ જિલ્લામાં પ્રમુખ પદ નિભાવવાના છે ત્યારે પાટણ જિલ્લામાં જન અધિકાર મંચ મજબૂત બનશે એવી વાતો લોકમુખે સંભળાય રહી છે તેમજ પાટણ જિલ્લાના ઉપપ્રમુખ તરીકે સાંતલપુર તાલુકાના વોવા ગામના સરપંચ બાબુભાઈ આહીર પણ જોડાયા છે.તેમજ તમામ સમાજના અનેક સક્રિય ચહેરાઓ પણ જન અધિકાર મચમાં જોડાતા પાટણ જિલ્લામાં જન અધિકાર મંચ આવનારા સમયમાં મજબૂત બનશે

# ભર ચોમાસે દાંતીવાડાનો બનાસ અને સિપુ ડેમ ખાલી ખમ..!

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠાના દાંતીવાડા ડેમની નવા પાણી ની આવક નિલ અને સીપુ ડેમની પણ આવક હાલમાં નિલ નોંધાઈ હતી ચોમાસુ પૂરું થવાને માંડ એકાદ મહિનો બાકી રહ્યો છે છતાં પણ બનાસકાંઠા ની જીવાદોરી સમાન આવેલ બનાસ અને સિપુ ડેમો ખાલીખમ જોવા મળી રહ્યા છે આ દરમિયાન જે બનાસકાંઠા જિલ્લાના વિસ્તારોમાં સારા વરસાદના કારણે વાવેતર કરેલા પાકોને નવજીવન મળ્યું હતું ચોમાસુ પુરૂ થવાને હવે એકાદ મહિના જેટલો સમય બાકી છે, જો આ દરમિયાન બંને ડેમોમાં પાણીની આવકમાં વધારો નહી થાય તો આગામી ઉનાળામાં ભારે મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવે તો નવાઈ નહિ ડેમ આધારીત ૧૩૦ થી વધુ ગામોના પ્રજાજનો બંને ડેમના પાણી પર નિર્ભર રહે છે ચોમાસાના આગમનની અનિશ્ચિતતાના કારણે ચિંતા બેવડાઈ

બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકામાં દાંતીવાડા અને સીપુ ડેમ આવેલા છે. જેના પાણી ઉપર ૧૩૦ થી વધુ ગામોના પ્રજાજનો નિર્ભર છે. આ દરમિયાન ચાલુ વર્ષે ચોમાસાની ઋતુનો પ્રારંભ થઇ ગયાને ત્રણ મહિના થવા છતાં.હાલમા નહિવત વરસાદ થવાથી બન્ને ડેમમાં નવિન પાણી ની આવક થઇ જયાં બીજી તરફ જીવાદોરી સમાન બંને ડેમોમાં પાણી ખૂટી જતાં ખેડૂતોની ચિંતા બેવડાઇ ગઇ છે. બનાસકાંઠા જિલ્લામાં દાંતીવાડા અને સીપુ ડેમ આવેલો છે. જેના પાણીથી બનાસકાંઠા-પાટણ જિલ્લાના અંદાજે ૧૩૦ થી વધુ ગામોને તેમજ ૬૦,૬૧૬ હેકટર જેટલી જમીનને પિયતનો લાભ મળે છે. જયારે દાંતીવાડા તાલુકાના અંદાજે ૧૫ જેટલા ગામો માટે તો આ ડેમ જીવાદોરી સમાન છે. આ અંગે ખેડૂતોએ ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ‘ચાલુ વર્ષે ચોમાસાના પ્રારંભે વરસાદ ખેંચાતા બંને ડેમના પાણીના તળીયા દેખાઇ રહ્યા છે. આ અંગે સૂત્રોએ જણાવ્યું હતું કે, ‘વર્તમાન સમયે દાંતીવાડા ડેમની પાણીની સપાટી ૫૩૧.૪૦ ફૂટ છે.જ્યારે ભયજનક સપાટી ૬૦૪.૦૦ ફૂટ છે. જ્યારે સીપુ ડેમમાં હાલની સપાટી ૧૭૨.૬૦ મીટર છે.જયારે ભયજનક સપાટી ૧૮૬.૪૩ મીટરની છે. આમ ચોમાસામાં દાંતીવાડા ડેમમાં ૭૨ ફૂટ અને સીપુ ડેમમાં ૧૧.૮૩ મીટર જેટલી પાણીની આવક થાય તો આ બન્ને ડેમના દરવાજા ખોલી શકાય અને જો ચોમાસુ નિષ્ફળ નિવડે તો દાંતીવાડા ડેમના પાણીથી ૧૧૦ જેટલા ગામો અને ૪૪,૫૧૬ હેકટર જમીનને તેમજ સુપી ડેમના પાણીથી ૨૫ ગામો અને ૧૬,૦૦૦ હેકટર જમીનને સિંચાઈનો લાભ મળી શકશે નહી.’ ગત વર્ષે ૬ જુનથી પાણીની આવક શરૂ થઇ હતી ..દાંતીવાડા ખાતે સીપુ ડેમમાં ગયા વર્ષે ૬ જૂનથી જ સામાન્ય પ્રમાણમાં પાણીની આવક શરૂ થઇ ગઇ હતી. જ્યારે ચાલુ વર્ષે તો ૯મી ઓગસ્ટ આવી હોવા છતાં પણ વરસાદ ઉપર વાસમાં નહિવત હોવાથી જેના કારણે ખેડૂતો સહિત લોકો ભારે ચિંતામાં મૂકાઇ ગયા છે.

પાલતું પશુઓ પાણી માટે ડેમ તરફ વળ્યા ..

દાંતીવાડા તાલુકાના ડેમ આસપાસના મોટાભાગના ગામોમાં પાણીની તંગી છે. જેથી પશુપાલકો પોતાના પશુઓને ડેમ નજીક ચરાવવા માટે લાવે છે. જેથી પશુઓને પાણી સરળતાથી મળી રહે છે.

# માલપુર આઈસીડીએસ દ્વારા વિશ્વ સ્તનપાન દિવસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

હાલ કોરોના મહામારી ચાલે છે ત્યારે આવી મહામારી માં ધાત્રી બહેનો નાના બાળકો ને સ્તન પાન કરાવે એ બાબતે જાગૃતિ લાવવા માટે માલપુર આઈસીડીએસ દ્વારા વિશ્વ સ્તનપાન સપ્તાહ ની ઉજવણી તારીખ ૧ થી ૭ ઓગસ્ટ દરમિયાન કરવામાં આવી જેમાં તાલુકા ની તમામ આંગણવાડીઓ માં ધાત્રી માતા ઓને સ્તનપાન નું મહત્વ સમજાવવા માં આવ્યું અને બાળક ને પ્રથમ છ માસ દરમિયાં ફક્ત અને ફક્ત માતા નું જ દૂધ પીવડાવવું એ બાબતે માલપુર ના સીડીપીઓ સાકર બેન ડામોર દ્વારા અલગ અલગ આંગણવાડી કેન્દ્રો પર જઇ સોસીયલ ડિસ્ટન્સ જાળવી માતાઓ ને સવિસ્તાર સમજાવવા માં આવ્યું હતું તેમજ અમુક કેન્દ્રો પર વિડિઓ કોલિંગ ના માધ્યમ થી માતાઓ ને સમજાવવામાં આવી હતી સાથે સાથે માતા જેમ નાના બાળકો નો ઉછેર કરે એમ ફડાઉ રોપા અને ટ્રીગાર્ડ આપી ને છોડ ને ઉછેરવા ની પણ સમજ આપી હતી ખાસ શેતુર સરગવો અને જામ્બુ ના રોપા આપવા માં આવ્યા હતા કે જેનાથી રોગ પ્રતિકારક શક્તિ માં.પણ વધારો થઈ શકે મુખ્યસેવીકા બહેનો દ્વારા સ્તનપાન ના ફાયદા અને ગેર ફાયદા અંગે પણ સમજ આપવા માં.આવી હતી આમ માલપુર તાલુકા માં ૧ ઓગસ્ટ થી ૭ ઓગસ્ટ સુધી વિશ્વ સ્તનપાન સપ્તાહ ની ઉજવણી ખૂબ ઉત્સાહ થી કરવા માં આવી હતી

# અરવલ્લી જિલ્લામાં સાર્વત્રિક મેઘમહેર થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી : ખેતીને જીવતદાન



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લામાં મેઘરાજાએ લાંબો વિરામ ફરમાવતાં સૌના મનમાં ચિંતાના વાદળો છવાયા હતા.પરંતુ છેલ્લા ૨ દિવસથી જિલ્લામાં વરસાદી વાતાવરણ બનતાં સર્વત્રા મેઘમહેર થઈ હતી જિલ્લામાં સર્વત્ર વરસાદ વરસતાં ખેડૂતોમાં રાહત વર્તાઈ હતી.અને ખેડૂતોએ કરેલ વાવણીને જીવતદાન મળતાં ખેડૂતોમાં આનંદ છવાયો હતો જયારે મોડાસા શહેરમાં મૂશળધાર વરસાદ વરસતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા.એક ઈંચથી વધુ વરસાદ થતાં વાતવરણમાં ઠંડક પ્રસરી હતી મોડાસા,માલપુરમાં અર્ધો ઈંચ વરસાદ ખાબક્યો હતો.

આમ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થતાં ખેડૂતોમાં ખુશાલીનો માહોલ જોવા મળી રહયો હતો.

અરવલ્લી જિલ્લામાં સાર્વત્રિક મેઘમહેર જોવા યથાવત છે.જિલ્લાના મોડાસા, ધનસુરા બાયડ, માલપુર સહિત ના તાલુકાઓ માં ધોધમાર વરસાદ પડતા લોકો માં ખુશી નો માહોલ જોવા મળ્યો હતો.

ચાલુ વર્ષે શ્રાવણ માસ સુધી વરસાદ ની ઘટ હોવાથી ખેડૂતો તેમજ જિલ્લાવાસીઓ ચિંતામાં મુકાયા હતા જો કે આજે વહેલી સવારથી જ જિલ્લામાં ધોધમાર વરસાદ વરસતા લોકો માં ખુશી છવાઈ હતી.તો સાથે જ સમગ્ર જિલ્લામાં શ્રીકાર વરસાદ થતાં ખેડૂતો એ મહામહેનતે વાવેલ ખરીફપાક જે ખેતરમાં મુરજાતો હતો તેને પણ જીવનદાન મળ્યું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.